ઇન્ટરનેટ પર વાંચવા : http:vivekpanthi.googlepages.com/ Mail : gulab_bheda@yahoo.com

વીવેકપંથી ૮૩

તંત્રી : **ગુલાબ ભેડા**
કાર્યાલય : ૨-સી/૧, અસ્મીતા મોગરા, દત્ત જગદંબા માર્ગ, શેરે-પંજાબ કોલોની, અંધેરી (પુર્વ), મુંબઇ-૪૦૦૦૯૩.
ફોન : ૨૮ ૩૮ ૮૮ ૯૧
Mail-vivekpanthi@yahoo.com

ભગવાન વીરુદ્ધનો દાવો કોર્ટે કાઢી નાખ્યો

ઈશ્વર વીરુદ્ધ અદાલતી દાવો દાખલ કરનાર અમેરીકાના એક રાજનેતાનો દાવો અદાલતે કાઢી નાખ્યો. જજે કહ્યું કે આ ખટલો ચલાવી શકાય તેમ નથી, કારણ કે સર્વશક્તીમાન ઇશ્વરનું કોઇ સરનામું મળતું નથી.

બેબ્રાસ્કા સ્ટેટના ૭૧ વર્શીય સેનેટર ઐરવી ચેમ્બર્સે પૃથ્વીવાસીઓના વ્યાપક મૃત્યુ થકી સર્વનાશ તથા આતંકવાદ ફેલાવવા સામે ઇશ્વર ઉપર નીશેધાત્મક આદેશ જારી કરવાની માગણી કરી હતી.

કારણ કે સર્વશક્તીમાન ઇશ્વરનું કોઇ સરનામું મળી શકતું નથી

ચેમ્બર્સે પોતાની ફરીયાદમાં ભયાનક પુરો, ભયાવહ સમુદ્રી તોફાનો, ધરતીકંપો, પ્લેગ, દુકાળ, જાતીઓને નશ્ટ કરી નાખતા યુદ્ધો. જન્મદોશ, હચમચાવી નાખે તેવાં તોફાનો સહીત ઇશ્વરીય કોપના અનેક ઉદાહરણો (ફરીયાદમાં) ટાંક્યાં હતાં.

ફરીયાદમાં કહેવાયું છે કે પ્રતીવાદી (ઇશ્વર)ને જુદાં જુદાં ઉપનામો, શીર્શકો તથા પદોથી ઓળખવામાં આવે છે અને કહેવામાં આવે છે કે તે એક જ સમયે અનેક સ્થળોએ વીદ્યમાન હોય છે.

ચેમ્બર્સે કહ્યું કે તેણે કાનુની દાવો એટલા માટે દાખલ કર્યો છે કે જેથી એવો દાખલો બેસે કે કોઇપણ પ્રસ્તાવ માટે અદાલતનાં દ્વાર ખખડાવવાનો સૌ કોઇને અધીકાર છે અને સૌએ એમ કરવું જ જોઇએ. એમણે કહ્યું કે સંવીધાનમાં કહેવાયું જ છે, કે અદાલતનાં દ્વાર સર્વ માટે ખુલ્લાં હોય છે અને તેમ કરતાં કોઇને રોકી શકાય નહીં.

ચેમ્બર્સે એમ પણ કહ્યું કે કોઇપણ વ્યક્તી કોઇના પર પણ દાવો માંડી શકે છે - ત્યાં સુધી કે ભગવાન પર પણ. એમણે એવો તર્ક પણ લડાવ્યો છે કે જે (ઇશ્વર) સર્વત્ર વ્યાપક છે તે બેબ્રાસ્કા સ્ટેટમાં પણ મોજુદ હોય જ.

ડલગસ કન્ટ્રી (બ્રેબાસ્કા)ના ડીસ્ટ્રીક્ટ જજ મારલોન પોલ્કે આદેશ આપ્યો છે કે પ્રતીવાદી (ઇશ્વર)ને નોટીસ મોકલવી જરુરી છે.

જજે કહ્યું છે કે તથ્યોના આધાર પર કોર્ટ એવા નતીજા પર પહોંચી છે કે પ્રતીવાદીના નામે આ સર્વીસ (નોટીસ) બજાવી શકાય તેમ નથી તેથી આ કાર્યવાહી રદ કરવામાં આવે છે.

જજે કહ્યું કે ચેમ્બર્સ ૩૦ દીવસમાં અપીલ કરી શકે છે.

[હીન્દી પાક્ષીક 'ન્યાયીક જ્વાલા' ૧૦ નવે. ૨૦૦૮માંથી]

પ્રેશક : **ભગવાનજી રૈયાણી**

આ અંકમાં

* 'ગુજરાતી બચાવ' ઝુંબેશ - સચીત્ર પાના નં. ૧૧-૧૩
* સદ્‌ભાવ પર્વ અને એ વીશે અગ્રલેખ પાના નં. ૮-૯
* ધનુશવીહોણા મોરારીબાપુના રામ પાના નં. ૧૬-૧૭
* શુદ્ધ રેશનાલીસ્ટ શૈલીની સ્મૃતી સભા પાના નં. ૧૪-૧૬

એક જ ફોલ્ડર ઉપર જામનગરના કવીમીત્ર વીજય આશરની ૧૭ કાવ્યરચનાઓ પ્રગટ થઇ છે. આર્ટ પેપર પરનું સુઘડ પ્રીન્ટીંગ ધ્યાનાકર્શક છે, તો રચનાઓ પણ બળુકી છે. જુઓ એક નમુનો....

ભલા માણસ

સુખી થવાનું ધારી લ્યો, ભલા માણસ,
ભુલોને જલદી સુધારી લ્યો, ભલા માણસ.

'જે નથી' એ આવવાનું નથી કયારેય,
'જે છે' એને સ્વીકારી લ્યો, ભલા માણસ.

અદૃશ્ય થવાને આરે જઇ રહ્યા છે,
શાશ્વત અવાજને ઉગારી લ્યો, ભલા માણસ.

આ દુનીયાથી મોટી દુનીયા છે સૌમાં,
ઉપર ઉઠી વીચારી લ્યો, ભલા માણસ.

અને... આનંદ-મંગલ કરો આઠે પ્હોર,
પોતાની કેડી કંડારી લ્યો, ભલા માણસ.

પ્રાપ્તીસ્થાન : **વીજય આશર.** ૪, એકતા એપાર્ટમેન્ટ. પાંચ બંગલા રોડ, ગુરુદ્વારા સર્કલ, જામનગર.

કક્કો કહે છે શું ?

- સોનુ કકૈયા (ઉપલેટા)

અંગ્રેજી માધ્યમમાં ભણતા વીદ્યાર્થીની ગુજરાતી વાત

ક કર્મ કરતા રહો.
ખ ખરાબ ન બનો.
ગ ગર્વ ન કરો.
ઘ ઘમંડ ન કરો.
ચ ચીડાશો નહીં.
છ છળકપટ ન કરો.
જ જબરા બનો.
ઝ ઝઘડો ન કરો.
ટ ટેવો સારી પાડો.
ઠ 'ઠગ'થી ઠગાશો નહી.
ડ ડરશો નહીં.
ઢ ઢોંગ કરશો નહી.
ત તરછોડશો નહીં કોઇને.
થ થોડામાં સંતોશ માનો.
દ દયાવાન બનો.
ધ ધગશ રાખો.
ન નમ્ર બનો.
પ પંચાત ન કરો.
ફ ફુલાશો નહીં.
બ બહાદુર બનો.
ભ ભારરુપ ન બનો.
મ મધુર બોલો.
ય યશ મેળવો.
ર રમતવીર બનો.
લ લાલચુ ન બનો.
વ વીદ્યાને વીનયથી શોભાવો.
શ શત્રુતા ના વધારો.
સ સત્ય બોલો.
હ હસતા રહો.
ક્ષ ક્ષત્રીય બનો.
જ્ઞ જ્ઞાની બનો.

સોનુ લખે છે, સ્કુલમાં અંગ્રેજી ધોરણ ૮માં અને ઘેર ગુજરાતી ભણું છું.
ગુજરાતીની પ્રેક્ટીસ વધારવામાં મને સપોર્ટ કરશોજી.

કહેવું છે કંઇ ? ***'માતાજીને ભોગ ધરાવો, કામ-ધંધો મળી જશે'***

બેકારી દુર કરવા માટે ચાર યુવાનોએ ઘેટાંના બલી ચઢાવ્યા

જુનાગઢ, વેરાવળ તા. ૬ : વીશ્વની સાથે દેશભરમાં મંદીની માઠી અસર વર્તાઇ રહી છે અને મંદીથી પ્રભાવીત આપઘાત સહીતની અનેક ઘટનાઓ ઘટી રહી છે ત્યારે ચોરવાડમાં ચાર યુવાનોએ બેરોજગારી દુર કરવા ચોરવાડમાં માતાજીના મંદીરે અંધશ્રદ્ધાથી પ્રેરાઇને છ ઘેટાંના બલી ચડાવ્યા.

- ઉમેશ મેકવાન (ગુ.સ. તા. ૭-૨-૦૯માંથી)

વેશ્યાવૃત્તી પ્રતીબંધ કાનુનમાં સુધારો; ભ્રશ્ટાચાર માટે અવકાશ:

– અશ્વીનકુમાર કારીઆ

ગૃહમંત્રી શીવરાજ પાટીલની અધ્યક્ષતામાં મળેલ મંત્રીમંડળની બેઠકમાં વેશ્યાગીરી કાનુનમાં સુધારા માટે લીલીઝંડી આપી દીધી છે. ટુંક સમયમાં જ તેને કાયદાનું સ્વરુપ આપવા માટે સંસદમાં રજુ કરવામાં આવશે. આ સુધારાને મંજુરી મળવાનો પ્રશ્ન છેલ્લાં ૨ વર્શથી અધ્ધરતાલ હતો. અત્યાર સુધીમાં આ કાયદા મુજબ વેશ્યા વ્યવસાય કરવા બદલ આ વેશ્યાઓ સજાપાત્ર બનતી હતી. પુરુશો (ગ્રાહકો) આ કાયદાના સકંજાની બહાર હતા. આ સુધારાનો ઉદ્દેશ મહીલાઓને આ ગંદા વ્યવસાયમાંથી બહાર લાવવાનો છે.

વેશ્યાવૃત્તી અટકાવવાનું જેનું કામ છે તે પોલીસ જ સૌથી વધુ ભ્રશ્ટાચારી છે

સુધારાની જોગવાઇ મુજબ વેશ્યાગૃહે જનાર દોશીત વ્યક્તીને ૩ માસની કેદની સજા ઉપરાંત રુ. ૨૦ હજારના દંડની શીક્ષા કરવામાં આવશે. જો આ જ વ્યક્તી ફરી તે ગુનો કરતાં પકડાય તો ૬ માસની કેદની સજા ઉપરાંત રુ. ૫૦ હજારના દંડને પાત્ર બને છે. મહીલા વીકાસ, કલ્યાણ, સુરક્ષા માટે ઘડાયેલા કાયદાઓએ ફાયદાના બદલે નુકસાન વીશેશ કર્યું છે. હીન્દુ લગ્ન ધારો, દહેજ, કામના સ્થળે સ્ત્રીઓની જાતીય સતામણી વ. કાયદાઓથી મહીલાઓનું નોંધપાત્ર રીતે કલ્યાણ સીદ્ધ થયાનું જણાતું નથી. કાયદાના દુરુપયોગની વાત નવી નથી અને તેનાં કારણે આવા કાયદાઓ બીનઅસરકારક પુરવાર થઇ રહ્યા છે. વર્તમાન કાયદાથી વેશ્યાવૃત્તી ડામવામાં આપણે સફળ થઇ શક્યા નથી. હવે સુધારાથી ગ્રાહકોને આ કાયદા હેઠળ સજાપાત્ર બનાવવાથી આ દુશણ ડામવામાં સફળતા મળવા વીશે શંકા જ છે. કારણ કે વેશ્યાવૃત્તી અટકાવવાનું કામ જેના હસ્તક છે તે સૌથી વધારે ભ્રશ્ટાચારી પોલીસ વીભાગ છે.

પોલીસની કાર્યપદ્ધતી હવે જાણીતી છે. દર માસે બાંધેલ હપ્તાની રકમ પોલીસને મળતી હોય છે. વેશ્યાગૃહનું સંચાલન કરનાર મુખ્ય મહીલા ઉપરાંત દલાલો સાથે તેમને નજીકનો સંબંધ હોય છે. દીલ્હીનો જી. બી. રોડ, મુંબઇનું કમાઠીપુરા, હૈદ્રાબાદનું મહેબુબ કી મહેંદી, કલકત્તાનો સોનાગાછી વીસ્તાર, લખનૌ, આગ્રા, પટણા શહેરોના દેહ બજારો એ વાતનું જીવતું જાગતું ઉદાહરણ છે કે દેશભરમાં રેડ લાઇટ વીસ્તારો બંધ થવાના બદલે ફુલીફાલી રહ્યા છે.

એટલું જ નહીં, નવા વીસ્તારો વીકસી રહ્યા છે. મોટાં શહેરોના પોશ વીસ્તારોમાંથી લઇ મધ્યમ વર્ગીય વીસ્તારો સુધી કોલગર્લના અડ્ડાઓ વધી રહ્યા છે. ઇન્ટરનેટ તેમજ અખબારોના માધ્યમથી જુદી જુદી સેવાઓના નામે જાહેરાતો પ્રગટ થતી હોય છે. વહીવટીતંત્ર કે પોલીસ વીભાગ આ બધું જાણતા હોવા છતાં આ દુશણમાં કોઇ ઘટાડો થયો નથી. માત્ર ફોન સંપર્કથી સસ્તી કે મોંઘી વેશ્યાની સેવાઓ તાત્કાલીક ઉપલબ્ધ બનાવી દેવામાં આવે છે.

એક ગણતરી એવી છે કે વેશ્યા વ્યવસાયમાં આશરે ૧૦ લાખ સ્ત્રીઓ રોકાયેલી છે. વર્તમાન કાનુન, સ્વયંસેવી સંસ્થાઓના પ્રયાસો છતાં આ વ્યવસાય દીવસ-રાત બમણી ગતીથી વધી રહ્યો છે.

વાસ્તવમાં સમાજમાંથી વેશ્યાગીરી નાબુદ કરવાનું શક્ય નથી. આ વ્યવસાય ધર્મ જેટલો જ પુરાતન હોવાનું મનાય છે. સમાજ સંસ્થાનું નીર્માણ થયું ત્યારથી

મંદીરોની દેવદાસીઓ પુજારીઓ અને ધનીક લોકોની દેહભુખ સંતોશવાનું કામ કરે છે

સ્ત્રી-પુરુશ બન્નેને પોતાની દેહભુખ સંતોશવા માટે એકમેકની જરુરીયાત લાગી છે. પ્રાચીન સમયથી આ વ્યવસાયને માન્યતા મળી છે. ધર્મ તરફથી પણ આ માન્યતાને સમર્થન મળ્યું છે. મંદીરોમાં દેવદાસી પ્રથા ધર્મની જ દેન છે. મંદીરોની દેવદાસીઓ પુજારીઓ અને ધનીક લોકોની દેહભુખ સંતોશવાનું કામ કરે છે. તેના બદલામાં તેમને નીવાસ અને ભરણપોશણની

સુવીધા અપાય છે.

આ વીજ્ઞાન યુગમાં આ વ્યવસાય ઔર સરળ થઇ ગયો છે. સેક્સનો ધંધો હવે મોટા ઉદ્યોગ તરીકે વીકસી રહ્યો છે. મુખ્ય વાત એ છે કે સમાજ કે સરકારે વેશ્યાવૃત્તીની મુળ સમસ્યાઓ તરફ ધ્યાન આપવાના બદલે તેના પર અંકુશ મુકવાનો જ વીચાર કર્યો છે. ઝાડનાં મુળના બદલે પાંદડાંને પાણી પાવા જેવી આ વાત છે. આ સુધારો રજુ કરતાં અગાઉ વેશ્યાઓના પુર્નવસવાટ માટે યોગ્ય પગલાંઓ લેવાં જરુરી હતાં. આ સુધારો અમલમાં આવ્યેથી ખુલ્લેઆમના બદલે ચોરીછુપીથી આ વ્યવસાય ચાલશે. તેનાથી મહીલાઓનું કલ્યાણ થવાનું નથી. ફાયદો માત્ર ભ્રશ્ટ અમલદારશાહીને થવાનો છે.

કેટલાક દેશોમાં વેશ્યાવૃત્તીને કાયદેસર માન્યતા મળી ચુકી છે. મહીલા કલ્યાણ, નૈતીકતા અને સંસ્કૃતીની દુહાઇના નામે ભ્રશ્ટાચારને પ્રોત્સાહન મળવા સીવાય વીશેશ સાધ્ય બનવાનું નથી. બીનજરુરી કાયદાઓની લાંબી યાદીમાં આ કાયદાનું સ્થાન નીશ્ચીત છે. વર્તમાન કાનુન કાગળનો વાઘ જ છે. દેખાવ ખાતર પોલીસ ક્યારેક છાપાઓ મારે છે, વેશ્યાઓને પકડી અદાલતમાં રજુ કરે છે. જામીન પર છુટીને વેશ્યાઓ ફરી પોતાના વ્યવસાયમાં વ્યસ્ત થઇ જાય છે. કદાચ નામ-સરનામું બદલાય. તેનાથી વીશેશ આગળ કંઇ જ નહીં.

(હીન્દી પાક્ષીક સરીતા ઑક્ટો.ના અંકમાં પ્રગટ થયેલ જગદીશના લેખના આધારે)

રેશનાલીઝમના વીરોધીઓ કશું વાંચતા જ નથી

– રમણ પાઠક 'વાચસ્પતી'

Rationalism may be defined as the mental attitude, which unreservedly accepts the supremacy of reason and aims at establishing a system of philosophy and ethics verifiable by experience and independent of all arbitrary assumptions of authority.

(લંડનના રેશનાલીસ્ટ ઍસોસીએશને આપેલી અને વ્યાપકપણે સ્વીકૃત થયેલી રેશનાલીઝમની વ્યાખ્યા તથા વીભાવના.)

મુંબઇમાં, મુંબઇના અગ્રણી રેશનાલીસ્ટોના પુરુશાર્થથી અને શુભ હેતુથી રેશનાલીસ્ટ કૉન્ફરન્સ મળી ગઇ : (પ્રાયોજક ભગવાનજી રૈયાણી-એપ્રીલ ૨૦૦૦) એ મુલ્યવાન-અભીનંદનીય ઉપક્રમના અનુસંધાનમાં જે ચર્ચાઓ થઇ એ વાંચતાં થયેલા ખેદથી પ્રેરાઇને અત્રે અમારે રેશનાલીઝમની એક માન્ય વ્યાખ્યા પુનઃ ટાંકવી પડી છે.

માણસ જાતની બધી જ સીદ્ધીઓ, તેમ બધાં જ અનીશ્ટોનું મુળ તેની બુદ્ધી જ છે

'રેશનાલીઝમ' એક એવો માનસીક અભીગમ છે કે જેમાં વીવેકશક્તી તથા તર્કશક્તી (રીઝન)ની સર્વોપરીતાનો બીનશરતી સ્વીકાર કરવામાં આવે છે અને જેનો હેતુ ફીલસુફી તથા નીતીશાસ્ત્રની એવી તરાહ સ્થાપવાનો છે કે જે અધીકારી મનાતા કોઇ પણ વ્યક્તી કે ગ્રંથ (ઑથોરીટી)ની એકપક્ષી માન્યતાઓથી સદંતર મુક્ત હોય અને જે તરાહને તર્ક તેમજ વાસ્તવીક અનુભવ-પ્રયોગ દ્વારા ચકાસી સત્ય યા અસત્ય સીદ્ધ કરી શકાતી હોય.

મીત્રો, જુઓ ઉપર્યુક્ત વ્યાખ્યા લંડનના રેશના. ઍસો.એ ઘડેલી છે અર્થાત્ અંગ્રેજીભાશીઓ વડે રચીત છે. છતાં એમાં ક્યાંય બુદ્ધી શબ્દ (Intellect કે Intelligence) પ્રયોજવામાં આવ્યો નથી, એને સ્થાને વીવેક (રીઝન) શબ્દ પ્રયોજાયો છે. એનું કારણ એ જ કે માણસ જાતની બધી જ સીદ્ધીઓ, તેમ બધાં જ

અનીશ્ટોનું મુળ તેની બુદ્ધી જ છે, કારણ કે બુદ્ધી અવળે માર્ગે પણ ગતી કરે છે ત્યારે તર્કવીવેકથી એને રોકવી તેમ જ ઉચીત માર્ગે વાળવી રહે છે, કારણ કે 'વીવેક' એટલે 'શું સત્ય અને શું અસત્ય ?' તેમ જ 'શું સારું અને શું ખરાબ ?'-એ નક્કી કરનાર નીરક્ષીરવીવેકની શક્તી. બાકી તો ઇશ્વરની કલ્પનાથી માંડીને તે સત્યનારાયણની કથા, મંદીરો-ધર્મસ્થાનકોનું બાંધકામ, ભુતપ્રેતની માન્યતા અને એને કાઢવાની ઘોર ક્રુર વીધીઓ, ઉંચનીચના ભેદો અથવા આત્મા-પરમાત્માની ફીલસુફી ને કર્મકાંડ આદી તમામ માન્યતાઓ અને વીધીનીશેધો એ માણસની બુદ્ધીનું જ સર્જન-કુસર્જન છે, કારણ કે ઇતર પ્રાણીઓ તો ભગવાનને ભજતાં નથી યા તો ભુત ધુણાવતાં નથી, જેનું કારણ એ જ કે તેઓમાં બુદ્ધીનો અભાવ છે.

આ વાત હું અત્રે પ્રથમવાર જ નથી દર્શાવતો એ આ કટારમાં લખાઇ ગયેલી છે અને મારાં એકથી વધુ પુસ્તકોમાં પણ મેં ચર્ચી છે અને તેમ છતાં મુંબઇ ખાતેના રેશનાલીઝમના ટીકાકારો, ખંડનકારો તેમજ વીરોધીઓએ મહદંશે રેશનાલીઝમ પરત્વે બુદ્ધી, બુદ્ધીજીવી, બુદ્ધીનીશ્ઠ આદી બુદ્ધીકેન્દ્રી શબ્દપ્રયોગો જ કર્યા છે એ દુ:ખદ છે. કારણ કે એનો અર્થ જ એ કે તેઓ કશું વાંચતા જ નથી કે જાણતાય નથી ! તો સર્વપ્રથમ મારો નમ્ર અનુરોધ કે કોઇ પણ વીચાર કે વીભાવનાનું ખંડન-મંડન કરતાં પુર્વે એનો પુર્ણત: અભ્યાસ કરો, તેનાં તમામ પાસાં બરાબર જાણો ને સમજો! તો 'રેશનકાર્ડ ધરાવે તે રેશનાલીસ્ટ' જેવી બાલીશ ઠેકડીઓનો આશરો લેવો ન પડે. એક જાણીતા સર્જકે અમારી આવી મજાક ઉડાવેલી.

દુ:ખદ આશ્ચર્યની ઘટના તો એ કે સુરતમાં હું છેલ્લાં પચ્ચીસ વર્શથી આવી જ એક કટાર-રમણભ્રમણ લખું છું. પાંચેક વર્શ પુર્વે મુંબઇમાં 'સમકાલીન'માં એવી જ એક કટાર શરુ થઇ ત્યારે પ્રથમ જ માસમાં દંડીસ્વામીએ પડકાર ફેંકેલો કે અહીં મુંબઇ વીસ્તારમાં તો બધા મહાન વીદ્વાનો વસે છે, માટે અહીં તમારું એ બેફામ ટટ્ટુ ચાલશે નહીં.... કીંતુ પછી દુ:ખદ અનુભવ તો એવો થયો કે સુરત જેટલી અને જેવી સત્ત્વશીલ ચર્ચા પણ મુંબઇ (સમકાલીન)ના વાચકોએ ભાગ્યે જ કરી. એને બદલે રેશનાલીસ્ટોને મુર્ખા કહેવા કે રેશનકાર્ડના ધારકો ગણાવવા જેવી અણસમજુ, ઉતાવળી, અધકચરી, અજ્ઞાનજનીત, અસત્યમુલક, અતાર્કીક એવી ક્ષુદ્ર ચર્ચાઓ જ બહુધા વાંચવા મળી.

એક ઘટના આ સંદર્ભે યાદ કરું તો આ કટારના પ્રારંભકાળમાં નગીનદાસ સંઘવીએ મારી વીરુદ્ધમાં લખ્યું કે 'શંકરાચાર્ય જેવો બીજો રેશનાલીસ્ટ મેં જોયો નથી, કારણ કે તેઓએ કહેલું કે 'અગ્ની શીતળ છે એમ સો વેદોમાં લખ્યું હોય તોય હું માનું નહીં!'- આમાં શંકરાચાર્યે બહુ મોટી વાત નથી કરી, કારણ કે કોઇ પણ સામાન્ય સ્વસ્થ વ્યક્તી પણ આમ જ કહે, કારણ કે રોજીંદા સાક્ષાત્ અનુભવથી વીપરીત વાત સામાન્યત: કોઇનાય ગળે ઉતરે જ કેવી રીતે? જેમ કે સુર્ય પશ્ચીમમાં ઉગે છે- એવી વાત ગમે તેવા માન્ય ગ્રંથમાં લખેલી હોય તોય કોણ માને? (અહીં 'પશ્ચીમ' શબ્દ સામાન્ય અર્થમાં જ સમજવાનો છે, બાકી વૈજ્ઞાનીક સંદર્ભે પુર્વ-પશ્ચીમ જેવું કંઇ જ નથી-એવા અવકાશી સંદર્ભની આ વાત નથી) ત્યારે શંકરાચાર્યની વાત કરીએ તો જે પુરુશે 'ભજ ગોવીંદમ્' જેવાં ઉપદેશ સ્તોત્રો તથા દેવીસ્તુતી (સૌદર્યલહરી?) લખી હોય કે બ્રહ્મ સત્યમ જગન્મીથ્યા' જેવો સીદ્ધાંત પ્રચાર્યો હોય, તેઓને રેશનાલીસ્ટ કહેવાય જ કેવી રીતે? મારા વીનમ્ર મતે, વાદવીવાદમાં સ્વસ્થ, શાત્રીય ભાશા ને વૈજ્ઞાનીક દલીલો તથા સર્વાંગદર્શન પ્રયોજાવું જોઇએ, ગાળાગાળી મજાક-મશ્કરી યા ઝનુન એ શાસ્ત્ર-ચર્ચાની રીત નથી.

એવી જ ગંભીર ભુલ અનીલ જોશીએ કરી છે. તેઓ લખે છે કે 'રેશનાલીઝમની ચર્ચા કરીએ ત્યારે ગાંધીયુગના મહાન વીચારક કીશોરીલાલ ઘ. મશરુવાળા અચુક યાદ આવે...' પ્રીય ભાઇ જોશી, કોઇકને તો પુછવું હતું કે મશરુવાળા જેવા શ્રદ્ધાળુ,

કોઇ પણ વીચાર કે વીભાવનાનું ખંડન-મંડન કરતાં પુર્વે એનો પુર્ણત: અભ્યાસ કરો, તેનાં તમામ પાસાં બરાબર જાણો ને સમજો ! તો 'રેશનકાર્ડ ધરાવે તે રેશનાલીસ્ટ' જેવી બાલીશ ઠેકડીઓનો આશરો લેવો ન પડે.

આસ્તીક આત્માને કદીય રેશનાલીસ્ટ કહેવાય? ના, તેઓ રેશનાલીસ્ટ નહોતા જ. અમે કૉલેજમાં મશરુવાળાની 'સમુળી ક્રાંતી' ભણાવતા ત્યારે રમુજમાં એવી ટકોર કરતા કે 'સમુળી ક્રાંતી' એટલે 'નમુળી ક્રાંતી' અથવા 'અવળી ક્રાંતી'! પ્રભુકૃપાની વાતો કરનારા ભક્તીમાં માનનારા, ચીલાચાલુ સંયમ પ્રબોધનારા, પરંપરાગત સ્ત્રી-પુરુશ મર્યાદાનું સમર્થન કરનારા એવા મશરુવાળાનો રેશનાલીઝમની ચર્ચામાં ઉલ્લેખ જ અસ્થાને! ગાંધીયુગનો જ દાખલો ટાંકવો હોય તો નરસીંહભાઇ પટેલનો ટાંકી શકાય. તેઓના તથા તેઓ વીશયક કેટલાંક સરસ પુસ્તકો હમણાં પ્રગટ થયાં છે જે અનીલભાઇ, જરા વાંચો! પ્રાપ્તીસ્થાન : જમનાદાસ કોટેચા, જોરાવરનગર-૩૬૩૦૨૦, જી. સુરેન્દ્રનગર (સૌરાશ્ટ્ર). રેશનાલીસ્ટો પર ભાંડણલીલાનો આક્ષેપ કરતા જોશીએ પોતે 'ફીફાં ખાંડવાં', 'છોડીયાં પાડવાં', કે 'બુદ્ધુ' કહેવા જેવી પાયા વગરની ભાંડણલીલા આચરી છે. ગાલીપ્રદાનનો પણ જો પાયો હોય તો એ શીરસાંદ્યવ જ. બાકી કીશોરીલાલને 'આજે તો અપ્રાપ્ય જ એવા રેશનાલીસ્ટ' કહેનાર ચર્ચાકાર રેશનાલીઝમ પરત્વે કેટલું સમજતા હશે એ જ પ્રશ્ન.

અનીલ જોશીએ રેશનાલીસ્ટોના શ્રદ્ધાવીરોધની ઠેકડી વળી નીચે પ્રમાણે ઉડાવી છે : 'ભાઇ, શ્રદ્ધામાં તને શ્રદ્ધા નથી એ તારી માન્યતામાં તો તને શ્રદ્ધા છે ને ?' આ શબ્દખેલ તથા વાક્યપ્રપંચના જવાબમાં જણાવવાનું કે આદરણીય અનીલભાઇ, કોઇ પણ મુદ્દા યા શબ્દની ચર્ચા કરતાં પુર્વે વીવાદકારોએ પ્રસ્તુત મુદ્દાની કે શબ્દની વીભાવના સંપુર્ણ સ્પશ્ટ કરીને પછી જ આગળ વધવું ઘટે. 'શ્રદ્ધા' શબ્દનો અર્થ સામાન્ય ભાશકો ખુબ જ શીથીલ રીતે કરે છે, એ જ અનીશ્ચીત અર્થમાં ચર્ચા કરવી વીદ્વાનોને શોભે જ નહીં. દા.ત. શ્રદ્ધા એટલે દૃઢ વીશ્વાસ, મનોબળ આદી અનેક અર્થચ્છાયાઓ માટે આપણે સામાન્ય વાતચીતમાં 'શ્રદ્ધા' શબ્દનો સેળભેળીયો વીનીયોગ કરીએ છીએ. કીંતુ તાત્વીક ચર્ચામાં એમ ન ચાલે, અમે રેશનાલીસ્ટો જે શ્રદ્ધાનો વીરોધ કરીએ છીએ, એ શ્રદ્ધાની અમારી સ્પશ્ટ વ્યાખ્યા છે અને તે એ કે કુદરતના કાર્ય-કારણના ન્યાયથી કશુંક ભીન્ન યા વીપરીત બનશે-એવો અડગ વીશ્વાસ સેવવો એનું નામ શ્રદ્ધા. દા.ત. બાલાજી કે બાપાજીની બાધા રાખવાથી છોકરો પરીક્ષામાં પ્રથમ વર્ગ સાથે પાસ થઇ જશે અથવા જપમાળાથી કે કર્મકાંડથી સ્વજન અસાધ્ય રોગમાંથી ઉગરી જશે-એવી અસંભવીત આશા અડગ ભાવે સેવવી એનું નામ શ્રદ્ધા. માટે જ હું કહું છું કે **શ્રદ્ધા માત્ર અંધશ્રદ્ધા જ હોય છે** અને એવી શ્રદ્ધાને અમે રેશના. લેશમાત્ર માન્ય રાખતા જ નથી. કેવળ હું જ નહીં, **મહાત્મા ગાંધીજીએ પણ એજ જ કહ્યું છે કે 'શ્રદ્ધા આંધળી જ હોય'** કુદરતમાં કાર્ય-કારણ ન્યાય સંપુર્ણ અફર છે. એમ અનેક મહાન ચીંતકોએ પણ સ્વીકાર્યું જ છે અને વીજ્ઞાનીઓ તો દૃઢપણે એમ માને જ છે. આસ્તીક એવો જર્મન ફીલસુફ કાન્ટ પણ કહે છે કે 'કાર્ય-કારણ ન્યાયના સીદ્ધાંતનો અસ્વીકાર કોઇ પણ વર્તમાન અનુભવને આધારે થઇ શકે તેમ છે જ નહીં. (ક્રીટીક ઑફ પ્યોર રીઝન).' એજ રીતે છેક આઠમી સદીમાં થઇ ગયેલો ભારતીય ચીંતક કુમારીલ ભટ્ટ લખે છે, 'ન લોકવ્યરીકીંત હી પ્રત્યક્ષં યોગીનામપી !' અર્થાત્ લોક એટલે કે વીશ્વના નીયમથી ભીન્ન એવું કશું યોગીઓ પણ જોઇ-જાણી, પ્રમાણી શકતા નથી. આ લોકનીયમ એટલે જ કાર્યકારણ ન્યાય.

કુદરતના કાર્ય-કારણના ન્યાયથી કશુંક ભીન્ન યા વીપરીત બનશે-એવો અડગ વીશ્વાસ સેવવો એનું નામ શ્રદ્ધા.

મુંબઇના મારા મીત્રોનું દુ:ખ, અર્થાત્ દુ:ખદ અભીગમ જ એ છે કે તેઓ કશું વાચતા નથી, વ્યાપક તલાવગાહી અભ્યાસ કરતા જ નથી અને છતાં ચર્ચાના રણમેદાનમાં બુઠ્ઠી તલવારે કુદી પડે છે. અત્રે નમ્રતાપુર્વક જણાવું કે આ જ કટારમાં અગાઉ મેં 'શ્રદ્ધા' વીશયે ચર્ચા કરી જ છે. ઉપરાંત તેઓને વીનવું કે મારાં પુસ્તક 'મધુપાર્ક' તથા 'સંશયની સાધના'માં તેઓ અનુક્રમે પ્રકરણ-૧ અને પ્રકારણ-૧૬ વાંચે! આવી ભલામણ હું મારી ચોપડીઓ ખપાવવા માટે જ કરું છું-એવી ઠેકડી ભાઇ અનીલભાઇ બીનધાસ્ત કરે, મને વાંધો નથી. બાકી તેઓ તો મોટા સાહીત્યકાર છે એટલે જાણતા જ હશે કે ગુજરાતીમાં

પુસ્તકોની રોયલ્ટી બહુધા ઉચ્ચક જ મળે છે. (જો કે મુદ્દલે મળતી નથી-એ વળી જુદી વાત છે).

તા.ક. જો કે મુંબઇના જ કેટલાક નીર્ગ્રંથ, મુક્ત મનના, તાત્ત્વીક વીચારના સજ્જનો રેશનાલીઝમનો મર્મ-ધર્મ યથાર્થ સમજ્યા પણ છે અને મુખ્યત્વે આ કટારમાંથી જ, **'સંશયની સાધના'**માંથી જ પ્રેરણા કે વીચાર ગ્રહણ કરીને, રેશનાલીસ્ટોનું મંડળ ત્યાં સ્થાપ્યું છે અને સામયીક પણ પ્રગટ કરવા માંડ્યું છે (વીવેકપંથી). તેઓને ધન્યવાદ !

એક સમયે 'સમકાલીન'માં પ્રગટ થયેલો ઉપરનો લેખ તાજેતરમાં જમનાદાસ કોટેચાએ પ્રકાશીત કરેલ પુસ્તક 'વીવેક-વલ્લભ'માંથી લીધો છે.

વલ્લભભાઇ ઇટાલીયાને ૨૦૦૮નો રમણભ્રમણ સુવર્ણચંદ્રક અપર્ણ થયો તે નીમીત્તે પ્રકાશીત થયેલા આ પુસ્તકમાં રમણ પાઠક 'વાચસ્પતી'ના ૩૭ લેખોનો સરસ સંગ્રહ સંપાદક સુનીલ શાહે કર્યો છે. પાકા મુખપૃશ્ઠ સહીત ૨૧૨ પાનાંના આ પુસ્તકના પ્રારંભે વલ્લભ ઇટાલીયાના ઉક્ત સમારંભ નીમીત્તેની મેઘધનુશી તસવીરો સાથેનાં આર્ટ પેપર પર છપાયેલાં ૪ પાનાં પણ જોડવામાં આવ્યાં છે.

પુસ્તકની છાપેલી કીંમત રુ. ૧૦૦/- છે.

પ્રાપ્તીસ્થાન : જમનાદાસ કોટેચા. માનસ પ્રદુશણ નીવારણ કેન્દ્ર, જોરાવરનગર ૩૬૩૦૨૦.

ખગોળ વીજ્ઞાનની પરીશદમાં અનેક અગ્રણીઓ ઉમટ્યા

પરીશદને સંબોધન કરવા ઇંગ્લૅન્ડ અને અમેરીકાથી પણ નીશ્ણાતો આવ્યા હતા

રેખાચીત્ર સૌજન્ય : 'ધી ઇન્ડીયન પ્લેનેટરી સોસાયટી'

ખગોળ વીજ્ઞાન પર યોજાયેલી આંતરરાશ્ટ્રીય પરીશદમાં દેશવીદેશથી અગ્રણીઓએ હાજરી આપી હતી.

ધી ઇન્ડીયન પ્લેનેટરી સોસાયટી આયોજીત ખગોળ વીજ્ઞાનની આંતરરાશ્ટ્રીય પરીષદ તાજેતરમાં ઠાકુર કૉલેજ ઑફ એન્જીનીયરીંગ ઍન્ડ ટેકનૉલૉજીના ઑડીટોરીયમમાં યોજાઇ હતી.

અમદાવાદની પ્રકાશ સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી સ્કુલના ૧૧ વર્શીય નીશાંત મલહોત્રા અને નવ વર્શની ઉર્જા મલહોત્રાએ ગેલીલીયોનાં કાર્ય પર એક નાટક રજુ કર્યું હતું. ટેલીસ્કોપ દ્વારા ગેલીલીયોએ જે શોધ કરી હતી તે નાટક દ્વારા તાદૃશ્ય રજુ કરી હતી. બન્ને બાળકો દુરબીન લઇને ગેલીલીયો અને તેના સહાયક ટોરીસેલીના આબેહુબ ડ્રેસમાં સ્ટેજ પર સુંદર પરફોર્મન્સ કર્યું હતું.

પ્લેનેટરી સોસાયટીના અધ્યક્ષ અને પરીશદના કન્વીનર ડૉ. જે. જે. રાવળે ઉપસ્થીતોનું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે પ્રૉફેસર એમ. જી. કે. મેનન, પ્રૉફેસર કે. કસ્તુરીરંગન, ઉદ્યોગપતી દામજીભાઇ એંકરવાલા, મુંબઇના ભુતપુર્વ શેરીફ ડૉ. મોહનભાઇ પટેલ, કાંતીસેન શ્રોફ, ઉદ્યોગપતી નરહરીભાઇ કોયા, કપોળ જ્ઞાતીના મથુરાદાસ મહેતા, ઠાકુર એજ્યુકેશન ટ્રસ્ટના જીતેન્દ્ર સીંઘ, મહારાશ્ટ્રના ભુતપુર્વ મંત્રી અને મલાડ-કાંદીવલી એજ્યુકેશનલ સોસાયટીના અધ્યક્ષ હસમુખ ઉપાધ્યાય, ગ્રુપ ઑફ વીવેકાનંદ ઇન્ટરનેશનલ સ્કુલના અધ્યક્ષ યોગેશભાઇ પટેલ ઉપસ્થીત રહ્યા હતા.

પરીશદને સંબોધન કરવા ઇંગ્લૅન્ડ અને અમેરીકાથી પણ નીશ્ણાતો આવ્યા હતા. આ પરીશદમાં મોટી સંખ્યામાં શાળા-કૉલેજના શીક્ષકો અને વીદ્યાર્થીઓ પણ આવ્યા હતા.

પ્રૉફેસર મેનને ગેલીલીયોના જીવન અને કાર્ય પર પ્રકાશ પાડ્યો હતો, હજી સુધી નહીં સમજાયેલા તેમના જીવન અને કાર્યનાં પાસાંઓની ચર્ચા કરી હતી અને સાંપ્રત જીવનમાં તેમની મહત્તા સમજાવી હતી. ડાર્વીન અને તેની થીયરી અને આધુનીક વીજ્ઞાનનો સંબંધ સમજાવ્યો હતો.

ડૉ. કે. કસ્તુરીરંગને પરીશદના મુખ્ય વ્યાખ્યાનમાં ઇસરોના કાર્યની ચર્ચા કરી ચંદ્રયાન-૧ વીશે વાત કરી અને હવે પછી એસ્ટ્રોસેટ જે ઇસરો અંતરીક્ષમાં વીવીધ પ્રકાશમાં બ્રહ્માંડનો અભ્યાસ કરવા મોકલવાનું છે તેની ચર્ચા કરી હતી.

'વીવેકપંથી'ને પણ આ પરીશદ માટેનું આમંત્રણ હતું, પણ પહોંચી શકાયું નહોતું. આમંત્રણ પત્રીકામાં જણાવ્યા પ્રમાણે ગેલીલીયોની ફીલ્મનું સૌજન્ય પેડીલાઇટના બી. એ. પારેખે કર્યું હતું.

*

સાભાર સ્વીકાર

પટેલ એકસ્ટ્રુજન ગ્રુપ (ઔદ્યોગીક સંકુલ)ના ડૉ. મોહનભાઇ પટેલ તરફથી International year of Astronomy 2009નું વૈજ્ઞાનીક આભા ઉપસાવતું સચીત્ર, આકર્શક, મેઘધનુશી કૅલેન્ડર મળ્યું છે. બીજી ફેબ્રુઆરીએ International Conference on Planetary Science 2009ના ઉદ્ઘાટન સમારોહની અધ્યક્ષતા ડૉ. મોહનભાઇ પટેલે કરી હતી, જેનું આમંત્રણ પણ 'વીવેકપંથી'ને મળેલ હતું. આભાર.

The Supreme Consideration is man

સર્વોચ્ચ નીસ્બત છે માણસ - મ. ગાંધી

સદ્ભાવના ફોરમ યોજે છે ત્રીદીવસીય સદ્ભાવના પર્વ

છેલ્લા દોઢેક વર્શ દરમીયાન ગુજરાતના કેટલાક વીચારશીલ અને સંવેદનશીલ મીત્રો મળતા રહ્યા અને સહચીંતન કરતા રહ્યા. ચીંતનનો વીશય હતો **સામાજીક સંવાદીતા સ્થાપવાના ઉપાયો યોજવા.**

છેલ્લે ગયા મે મહીનામાં ત્રણ દીવસ મહુવાના કૈલાશ ગુરુકુળમાં રહીને એ મીત્રોએ સદ્ભાવના ફોરમ રચીને સક્રીયતા તરીકે દર વર્શે **સદ્ભાવના પર્વ** યોજવાનો કાર્યક્રમ ઘડી કાઢ્યો છે અને તેવા જ પહેલા પર્વના આતીથ્યનો લાભ પોતાને આપવાની મોરારીબાપુએ ફોરમને વીનંતી કરી છે, જે સ્વીકારાતાં **તા. ૨૫-૨૬-૨૭નો પહેલો પર્વ મહુવાના કૈલાશ ગુરુકુળ ખાતે રખાયો છે.**

જાહેર કરવામાં આવેલો કાર્યક્રમ નીચે પ્રમાણે છે :

ગાંધીની અહીંસા અને સર્વધર્મસમભાવની વીભાવના ચર્ચશે નારાયણ દેસાઇ તથા ચંદ્રશેખર ધર્માધીકારી. **સદ્ભાવના અને સાહીત્યની ચર્ચા** કરશે શરીફા વીજળીવાળા અને નરોત્તમ પલાણ. **આપણા ધર્મની સુગંધ**માં મુસ્લીમ ધર્મ વીશે ચર્ચા કરશે મૌલાના વહીદુદ્દીન ખાન, ખ્રીસ્તી ધર્મ વીશે રુડોલ્ફ હરેડીયા અને હીન્દુ ધર્મ વીશે રામસીંહ. **સંપુર્ણ સંવાદીતા તરફ** એ વીશય ચર્ચશે દીલીપ સીમીયન અને અભય બંગ.

પહેલા બે દીવસની સાંધ્ય બેઠકોમાં અમદાવાદના સૌમ્ય જોશી અને વૃંદનું 'નાટક' અને શેખર સેનની સંગીતસંધ્યા યોજાઇ છે.

ત્રીજો દીવસ ખુલ્લી ચર્ચા માટે રખાયો છે, જેમાં મોરારીબાપુનું સમાપન પ્રવચન પણ થશે.

ફોરમના સમીતી સભ્યો છે : **તુલા-સંજય. મહંમદ શફી મદની, સત્યકામ જોશી, ફાધર વીલીયમ, ગૌરાંગ દીવેટીયા અને ડંકેશ-ભારતી.**

સંપર્કનાં સરનામાં :

(૧) ડંકેશ-ભારતી (ડંકેશ ઓઝા અને ભારતી, પતી-પત્ની), ૧૦૩, ઓમ એવન્યુ, દીવાળીપુરા, વડોદરા ૩૯૫૦૦૭. ફોન : ૦૨૬૫-૨૩૫૦૧૩૮. મો. ૯૭૨૫૦ ૨૮૨૭૪.

(૨) તુલા-સંજય (પત્ની-પતી), 'વીશ્વગ્રામ', જગદુણ, જીલ્લો મહેસાણા. ફોન: ૦૨૭૬૨-૨૮૫૭૦૮.

(૩) ફાધર વીલીયમ, 'રીશતા', અમીબેલા, જુની હાઇકોર્ટ સામે, ઇન્કમ ટૅક્સ, અમદાવાદ ૩૮૦૦૧૪.

વીવેકપંથી ૮૩

તંત્રીની કલમે

આને રેશનાલીઝમ પ્રતી પ્રયાણ ગણીશું ?

આ અગ્રલેખ વાંચતાં પહેલાં સામેના પાના ઉપરની સદ્‌ભાવના પર્વની માહીતી વાંચી જવા વીનંતી. સદ્‌ભાવના ફોરમે પ્રગટ કરેલ પર્વ પ્રસંગની પત્રીકા પરથી તેની ભુમીકા કંઇક આવી સમજાય છે.

માનવસમાજમાં જોવા મળતા સાંપ્રદાયીક તનાવ અને અસહીશ્ણુતા કોઇપણ નીસ્બત ધરાવતા નાગરીકને ચીંતા ઉપજાવે તેવાં છે. આ વીક્ષુબ્ધ વાતાવરણે બૌધીકો-કર્મશીલો સમક્ષ પ્રવર્તી રહેલા બીનસાંપ્રદાયીકતા (સેક્યુલરીઝમ)ના ખ્યાલ અંગે કેટલાક પાયાના પ્રશ્નો ઉભા કર્યા છે. વ્યક્તી, સમાજ, રાજ્ય અને ધર્મસંસ્થાઓ આવા માહોલમાં પોતપોતાનું દાયીત્વ યોગ્ય રીતે નભાવે તે કેવળ જરુરી જ નહીં, અનીવાર્ય બની રહ્યું છે.

આ સંદર્ભમાં બીનસાંપ્રદાયીકતા, ધર્મનીરપેક્ષતા તથા સર્વધર્મ સમભાવ જેવા ખ્યાલોની વૈચારીક સફાઇ થાય અને તે આધારીત આનુંસંગીક પગલાં લેવાય... મંથન પછી એક વાત ઉભરી આવે છે તે એ કે સ્વસ્થ બીનસાંપ્રદાયીકતાની સમજ કેળવાય ત્યારે જ તે અંગે લોકશીક્ષણ થઇ શકે.

ભુમીકા ફક્ત ઉપર કહી તેટલી જ નથી, લાંબી છે. પરંતુ સાર લેવો હોય તો એટલો લઇ શકાય કે બીનસાંપ્રદાયીકતા (સેક્યુલરીઝમ)ના ખ્યાલની વૈચારીક સફાઇ કરવાની પણ ફોરમની નેમ છે. જો કે, ધર્મસંસ્થાઓનું દાયીત્વ એ દીશામાં કઇ રીતે ઉપયોગી થાય એ મુદ્દો વીચારણીય બની રહે છે.

ભારતીય બંધારણ સેક્યુલર હોવાની એક છાપ છે. જો કે, નગીનદાસ સંઘવી જેવા નક્કર વીચારકોને બંધારણ સેક્યુલર હોવાનું માન્ય નથી. જે બંધારણમાં ધાર્મીકતાને પ્રોત્સાહનની જોગવાઇ હોય તે બંધારણ સેક્યુલર ગણાય જ કેમ? 'સેક્યુલર' શબ્દને ધર્મ સાથે કોઇ સંબંધ જ ના હોઇ શકે એમ તેઓ કહે છે.

ચવાઇ ચવાઇને ચુથો થઇ ગયેલા 'સેક્યુલર' શબ્દની વૈચારીક સફાઇ ખુબ જરુરી છે. સર્વધર્મ સમભાવને સેક્યુલરીઝમમાં ખપાવતા વીદ્વાનો પણ આપણે ત્યાં મોજુદ છે. તાજેતરનો જ દાખલો કાન્તી ભટ્ટના 'દીવ્ય ભાસ્કર' માંહેના તા. ૬-૨-૦૯ના લેખનો લઇએ. તેમનું શીર્ષક છે '**મહુવામાં સર્વધર્મ સમભાવ અને ના. આગાખાનની અમુલ્ય વાત**' જે અમુલ્ય વાત કેવળ શીર્ષકમાં જ રહી ગઇ છે. પણ અહીં આપણો મુદ્દો સેક્યુલરીઝમનો છે, તો જુઓ કાન્તી ભટ્ટના એ લેખ માંહેના શબ્દોઃ *''સેક્યુલરીઝમ મહુવા શહેરમાં ૬૫ વર્શ પહેલાં ફાલેલું હતું જ. બચપણમાં અમે અલીભાઇ બૅન્ડવાળાનાં કૃશ્ણ ભજન સાંભળેલાં. મહુવાની પીરની જગ્યામાં અમે મોહરમના તાજીયા બનાવવા જતા. તાજીયા નીકળે ત્યારે બ્રાહ્મણ, કણબી, વાણીયા બધા યુવાનો યા-હુસેન યા હુસેન કરીને મુસ્લીમ બંધુ સાથે કુટતા. હીન્દુ નારીઓ ૧ માઇલ દુરથી બેડામાં પાણી લાવી હોય તે તાજીયાને ટાઢા કરવા ઠાલવી દેતી. મારો પઠાણ મીત્ર દીલીપ ઇદને દીવસે જ્યાફત કરવા મને બોલાવતો. અમે ઘણી વખત રોજા પાળતા. અમારી માજી નથુ હાઇસ્કુલ ખોજાની હતી.*

*હાઇસ્કુલના વીલીયમ સરને ત્યાં કીસમસની કેક ખાવા જતા અને **આવા સર્વધર્મ સંવાદની જરુર નહોતી. મહુવાના એકેએક જણમાં સેક્યુલરીઝમ લોહીમાં હતું.** મસ્જીદે જતા. જૈન દેરાસર જતા. ખીમનાથ મહાદેવ, ભુતનાથ મહાદેવ અને સ્વામીનારાયણ મંદીરમાં જતા.*

માહીતીનો ભંડાર ગણાતા આવા સીદ્ધહસ્તો દ્વારા પણ સેક્યુલરીઝમમાં થતો ગુંચવાડો જોતાં જરુર લાગે કે તેની વૈચારીક સફાઇ અનીવાર્ય છે. અને તેથી જ ફોરમ આવા ગુંચવાડા ઉકેલવાની દીશામાં કંઇક નક્કર કરે તેવી આશા અસ્થાને ના ગણાય.

નગીનદાસ તો કહે છે 'સર્વધર્મસમભાવ' શબ્દ ગાંધીએ આપ્યો છે એટલું જ એનું મહત્ત્વ છે; બાકી વહેવારમાં એ શક્ય જ નથી.

નીમંત્રકો પૈકી ડંકેશ ઓઝા સાથે 'વીવેકપંથી'એ આ વીશયમાં ફોન પર ચર્ચા કરતાં તેમણે સદ્‌ભાવના અભીયાનનાં ચાર પગથીયાં ગણાવ્યાં. ૧. સંપ્રદાય, ૨. ધર્મ, ૩. માનવધર્મ અને ૪. રેશનાલીઝમ. આમ એકંદર ગતી રેશનાલીઝમ તરફની જ હોય તો આવકારપાત્ર જરુર ઠરે. ફોરમની સમીતી માંહેના નાસ્તીક તત્ત્વો પણ આવશ્યક પુરવણી કરી શકે છે.

એક સ્પશ્ટતા ડંકેશે એ પણ કરી કે આ મોરારીબાપુનો ઉપક્રમ નથી જ. એમની ભુમીકા તો કેવળ યજમાનની જ છે. તેમ છતાં બાપુનું કોઇ પ્રયોજન સાવ હેતુવીહીન તો ના જ હોય એવું સહેલાઇથી ધારી શકાય. સદ્‌ભાવના ફોરમને જો એમણે પડખું પણ આપ્યું હોય તો પ્રતીતીપુર્વક જ આપ્યું હોય.

જેના પરીણામમાં સામાજીક હીત ડોકાતું દેખાય, તેવા વીચારને ઝીલી લેવામાં બાપુને તેમની ધાર્મીકતા નડતી નથી એમ છેલ્લાં વર્શોનો અભ્યાસ કહે છે.

સત્યનો આવો પુરસ્કાર !

કુમાર કેતકર પરનો હુમલો સફળ રહ્યો હોત તો ? સીત્તેર જણનું ટોળું જ્યારે ઘરના બારણાને લાતો મારતું હોય ત્યારે અંદર રહેલું કેતકર દંપતી કબુતરની જેમ ફફડતું જ હશે કે બીજું કંઇ ?

'લોકસત્તા'ના એ તંત્રીએ શો ગુનો કર્યો હતો ? તેમણે તંત્રીલેખમાં એ મતલબનું લખ્યું હતું કે મહારાશ્ટ્રમાં વીજળી-પાણી અને ખેડુતોની આત્મહત્યાના મોટા પ્રશ્નો ઉકેલની પ્રતીક્ષામાં ઉભા છે, ત્યારે અરબી સમુદ્રમાં રુપીયા બસો-ત્રણસો કરોડના ખર્ચે શીવાજી મહારાજની પ્રતીમા ખડી કરવાની શી જરુર ?

તંત્રીઓનું તો કામ જ ટીપ્પણી કરવાનું છે. તેમને તેમ કરતાં કેવી રીતે રોકી શકાય ? પરંતુ અહીં તો તંત્રીને વળતો અનીચ્છનીય પુરસ્કાર મળી ગયો !

– ડંકેશ ઓઝા

(ત્રીમાસીક 'ખોજ' અંક ૪-૫ના તેમના લેખમાંથી)

''મારી ચીંતા થોડી ઘટી'' દીપક પટેલ

''રેશનાલીઝમમાં આવ્યા પછી મને રમણકાકાની ચીંતા હતી, જે ચીંતા પછીથી બેવડાઇ છે. તમે બન્ને પોણોસોની ઉપર ચાલી રહ્યા છો. હવે કેટલો સમય ? પણ આજે હર્શાબેનને મળીને મારી ચીંતા થોડી ઘટી છે.''

ઉપરના ઉદ્‌ગાર દીપક પટેલના હતા, જેમને મળવા હું ને હર્શા તેમની હોટલે તા. ૨૭મીની મોડી સાંજે ગયા હતા. એ અમેરીકા માટે રવાના થઇ રહ્યા હતા.

રેશનાલીઝમ ઉપરાંત અમેરીકાની કારમી મંદીની પણ ચર્ચા થઇ, પણ તે હસતાં હસતાં; ગંભીર તો છે દીપક માત્ર રેશનાલીઝમમાં જ.

છુટ્ટા પડતાં એણે મારા હાથમાં રુપીયા પાંચ હજાર મુકતાં કહ્યું, ''રુપીયાની ચીંતા ક્યારેય કરશો ંમા. જરુર પડ્યે નીઃસંકોચ ફોન કરજો. અમેરીકાની મંદીની ચીંતા નહીં કરતા. રેશનાલીઝમને વધારાય તેટલું આગળ વધારો. માનવજાત માટે બીજો વીકલ્પ છે જ નહીં. 'વીવેકપંથી'નો અભીગમ યોગ્ય જ છે. મને ગમે છે.''

મીત્રો, તમે જાણો જ છો કે દર વર્શે રુ. ૧૨૦૦/- ફાળવી શકે તેવા ૧૦૦ વાચકો નોંધવાની આપણી યોજનાનો ઉદ્દેશ પણ એ જ છે. એ લક્ષ્યાંક પાર પાડતાં પ્રચાર-પ્રસારના અન્ય માર્ગો પણ ખોલીશું.

જો ઉદ્દેશ તમને યોગ્ય લાગતો હોય અને સહેલાઇથી ફાળવી શકો તેમ હો તો આજે જ રુ. ૧૨૦૦/-નો VIVEKPANTHIના નામનો A/C Payee ચેક સાદી ટપાલમાં રવાના કરો. સરનામું પહેલા અને છેલ્લા પાને છે જ.

ગતાંક સુધીમાં ૨૫ નામો નોંધાયાં છે. હવે આગળ.

૨૬	૧૨૦૦/-	કે. એન. દોશી	મુંબઇ
૨૭	૧૨૦૦/-	બીન્દુબેન જ. દલાલ	મુંબઇ
૨૮	૧૨૦૦/-	હસમુખ કેનીયા	મુંબઇ
૨૯	૧૨૦૦/-	કીર્તીકુમાર કાકુ	મુંબઇ
૩૦	૧૨૦૦/-	મધુરી પ્ર. મહેતા	મુંબઇ
૩૧	૧૨૦૦/-	વીજય પુરોહીત	અમદાવાદ

ઉપરાંત રુ. ૪૦૦ સ્વૈચ્છીક યોગદાન
જયંતીલાલ શાહ-મુંબઇ

અહેવાલ : કીરણ ત્રીવેદી

૧૪ ફેબ્રુઆરીનો ગુ. ભાશા પરીશદનો 'ગુજરાતી બચાવો' સંદેશ પ્રજા સુધી પહોંચ્યો

શીક્ષણ, સાહીત્ય પત્રકારત્વ, સમાજસેવા જેવા અનેક ક્ષેત્રના રેશનલી વીચારી શકતા પ્રતીનીધીઓ જેમાં જોડાયેલા છે તેવી 'ગુજરાતી ભાશા પરીશદ' દ્વારા આયોજીત 'ગુજરાતી બચાવ ઝુંબેશ'ને ખુબ સફળતા મળી છે. તા. ૧૪ ફેબ્રુઆરી શનીવારે આ ઝુંબેશ અંતર્ગત ૧૬ જેટલી અન્ય સંસ્થાઓના સહયોગ સાથે ગુજરાતી બચાવ રૅલી પણ કાઢવામાં આવી હતી. ગુજરાત રેશનાલીસ્ટ ઍસો., 'વીવેકપંથી'-મુંબઇ, 'વૈશ્વીક માનવવાદ'- મહેમદાવાદ, અશ્વીની આર્ટસ્-ગોધરા તથા 'નયા માર્ગ' -અમદાવાદ જેવા રેશનાલીઝમને સમર્પીત સામયીકો અને પ્રવૃત્તી-જુથોએ તેમાં પુરો સહયોગ કર્યો છે.

ગુજરાતી બચાવ ઝુંબેશ માત્ર ભાશા પુરતો સીમીત મુદ્દો નથી જ. લોકોની ભાશા સાથે તેમના સમાજ અને સંસ્કૃતી જોડાયેલાં છે. આજે વૈશ્વીકીકરણના દોરમાં દેશ-વીદેશનાં બજારો અને મીડીયાએ અંગ્રેજીનો મારો ચલાવ્યો છે. બજારની આ ભાશા, આપણી માતૃભાશા અને એ દ્વારા સમાજ-સંસ્કૃતીનો ભોગ ન લે તે માટેની આ ઝુંબેશ છે. ઝુંબેશના લોકજાગૃતી તાકતા ચાર મુખ્ય ધ્યેય છે; માતૃભાશામાં શીક્ષણ (જેથી બાળકના જ્ઞાન, વીચાર, અભીવ્યક્તીનો પાયો મજબુત થાય), ભાશાનું સરળીકરણ (એક જ ઇ-ઉનો ઉંઝા જોડણી સહીતની ભાશાકીય સરળતા માટેના સુધારાઓની વાત), ગુજરાતી સાહીત્યનો પ્રસાર (જેથી ગુજરાતીઓ પોતાના સમાજ અને તેનાં મુલ્યોના સંપર્કમાં રહે-પોતાના પ્રદેશમાં એલીયન ના બને!) તથા અંગ્રેજી ઘેલછાથી મુક્તી (જેથી ગુજરાતી અંગેનું ભાશાભીમાન વધે, ગુજરાતીનો પ્રથમ ભાશાનો દરજ્જો જળવાઇ રહે.)

આ ઝુંબેશના સંપર્કમાં જે કોઇ આવ્યા, તેઓ આ ચાર ધ્યેયની સ્પશ્ટતા અને આદર્શથી પ્રભાવીત થયા છે અને તેમ ઝુંબેશનો સ્વીકાર વધતો જ ગયો છે. આ સંદેશને લોકો સુધી પહોંચાડવા માટે પોસ્ટકાર્ડ કેમ્પેઇન, 'ગુજરાત સમાચાર,' 'સંદેશ' વ. અખબારોના સહકારથી વીવીધ લેખો, 'નયા માર્ગ'માં ૧૬ પાનાંની વીશેશ પુર્તી-એ જ પુર્તીની પુસ્તીકાને ઇ-મેલથી હજારો ગુજરાતીઓ સુધી પહોંચાડવી, લેખકોના અનેકવીધ બ્લોગ ઉપર લેખ/ચર્ચાઓ દ્વારા પ્રસાર કરવો એમ હજારો-લાખો ગુજરાતીઓ સુધી લઇ જવામાં આવ્યો.

એ ઉપરાંત રૅલીના આગલા દીવસોમાં પ્રીન્ટ મીડીયા તથા ઇલેકટ્રોનીક મીડીયાના પત્રકારો સાથેની સફળ પ્રેસ કૉન્ફરન્સ, જેના કારણે છાપાંઓ તથા ટીવી-કૅબલ ચૅનલો પર પ્રસારણ મળ્યું. એ જ રીતે રૅલીના દીવસનું પણ સારું એવું કવરેજ 'ગુજરાતી બચાવ ઝુંબેશ'ને મળ્યું છે.

રૅલીનો માર્ગ પ્રતીકાત્મકરુપે ગુજરાત વીદ્યાપીઠથી સાહીત્ય પરીશદ સુધીનો રાખેલો. લેખકો, શીક્ષકો, માધ્યમકર્મીઓ, કલાકારો જેવા ૨૦૦થી વધુ ભાશાપ્રેમીઓની સુત્રોચ્ચાર અને બેનરો સાથે નીકળેલી રૅલીએ લોકોમાં કુતુહલ અને આશ્ચર્ય પ્રેર્યા હતા. ઝુંબેશના હેતુઓની સરળતાથી વાંચી-સમજી શકાય તેવી એક પાનાની પત્રીકા પણ આખા રસ્તે વહેંચવામાં આવી હતી. સુત્રો પણ રસપ્રદ રહ્યાં હતાં. જેમ કે 'ગુજરાતી અસ્મીતા-ગુજરાતી ભાશા. પાંચ કરોડ લોકોની ગુજરાતી ભાશા' તથા 'અંડા ફોડ, ભંડા ફોડ-અંગ્રેજીની ઘેલછા છોડ', 'ઝંડા ઉઠાવ, સાંકળ તોડ' વગેરે. રસ્તા પર કેટલાક લોકોએ બેનરો વાંચીને ટકોર કરેલી કે ગુજરાતીની વાત કરો છો, પણ જોડણી તો ખોટી લખી છે ! ઉંઝા જોડણી વીશે સમજાવવાનો મોકો લઇને ભાશાપરીશદના મીત્રો ઉભા રહીને તેમની સાથે સંવાદ પણ કરતા રહેલા.

રૅલી સાહીત્ય પરીશદ ઉપર પહોંચીને સભામાં ફેરવાઇ હતી, જ્યાં જોડણીસુધારના સુત્રધારો પૈકી કનુભાઇ જાની, યોગેન્દ્ર વ્યાસ, મનીશી જાનીએ ઉદ્બોધન કરેલાં. તે ઉપરાંત મુખ્ય વક્તાઓ હતા

ગુજરાતી બચાવ ઝુંબેશ
CERAGEM
ગુજરાતી ભાષાપ્રેમીઓની
ગુજરાતી બચાવ ઝુંબેશ


MALAYALAM BOOKS
KANNADA BOOKS

માનવઅધીકારના કર્મશીલ વકીલ ગીરીશ પટેલ તથા સાહીત્યકારો ગુણવંત શાહ, રઘુવીર ચૌધરી અને સુરેશ દલાલ. 'ગુજરાતી બચાવ'ના વ્યાપક હેતુઓના સંદર્ભે આ ઝુંબેશના ટેકામાં ઉભા થયેલા આ સાહીત્યકારો ભાશા-જોડણી સુધારના બોલકા સહયોગીઓ નથી, પરંતુ ઝુંબેશનો સ્પીરીટ, ઉપલબ્ધીઓ અને રૅલીના જોમ-જુસ્સો અને ભાશાપ્રેમના પ્રભાવમાં ગુણવંત શાહ તથા રઘુવીર ચૌધરીએ ભાશાસુધાર પ્રત્યે ખુલ્લું મન રાખીને વીચારવાનો અને એ દીશામાં કામ કરવાનો અનુરોધ પણ અધીકારી લોકોને કર્યો છે.

સભાનું સંચાલન કરતાં મનીશી જાનીએ ઝુંબેશની કાર્ય-સમીતી વતી જાહેરાત પણ કરી છે કે, ''આ ઝુંબેશને ગુજરાતના વીવીધ ગામ-શહેરોમાં પણ લઇ જવામાં આવશે.'' ગુજરાતી ભાશા પરીશદને આ કાર્ય માટે અનેક લોકોના સહકાર, ખર્ચ અને સૌજન્ય તથા વ્યવસ્થામાં મદદની જરુરીયાત રહેશે. જે માટે આ માધ્યમ દ્વારા સૌ ભાશાપ્રેમીઓને અપીલ કરીએ છીએ. (ફોન સંપર્ક : ઇન્દુકુમાર જાની- 099259 18095. કીરણ ત્રીવેદી-092272 34815).

ચીત્રપરીચય

બાજુના ચીત્રમાં અમદાવાદના રાજમાર્ગ ઉપર 'ગુજરાતી બચાવ ઝુંબેશ'ની રૅલીમાં ઉમટેલા ગુજરાતી પ્રેમીઓમાં સાહીત્યકારો, પત્રકારો, કળાકારો અને સમાજસેવીઓ.

❋

નીચેના ચીત્રમાં ગુજરાતી સાહીત્ય પરીશદના સભાગારમાંહેની ઉપસ્થીતી: મોખરે દેખાતાં માતબર માથાંઓમાં જમણી બાજુથી રઘુવીર ચૌધરી, ગીરીશ પટેલ, સુરેશ દલાલ અને ગુણવંત શાહ. સામે બેઠેલાંઓમાં પ્રથમ હરોળમાં જમણી બાજુથી મહેશ દવે, ઇન્દુકુમાર જાની, કીરણ ત્રીવેદી સાથે અન્ય ભાશાપ્રેમીઓ.

''મારો આક્ષેપ છે કે ગુજરાતી પ્રજા ઓછામાં ઓછું 'ભાશાભીમાન' ધરાવતી પ્રજા છે. કર્ણાટકમાં પ્રથમ સાત વર્શ માટે શીક્ષણનું માધ્યમ કન્નડ ભાશા છે. વીર નર્મદે 'દેશાભીમાન' શબ્દ આપ્યો હતો. અહીં 'ભાશાભીમાન' શબ્દ પ્રયોજવાનું યોગ્ય લાગે છે.'' - ગુણવંત શાહ

(૧) રાયચંદ શાહ સાથે ગુફતેગુ કરતા સંયોજક દામજી સાવલા, (૨) સંગીત મહેફીલનો રમુજી પ્રારંભ કરતા સુત્રસંચાલક ગુલાબ ભેડા, (૩) જમણેથી ઇન્દુબેન, ગાયીકા જાન્વીકા, વીણા ભેડા, જવાહરભાઇની બહેન પ્રીતી મહેતા અને મોટી પુત્રવધુ સુરભી. પાછળ ગાયીકા કુસુમ વેદ. (૪) જવાહરમામાને બીરદાવતા ડૉ. તુશાર મુની... 'કીસી કી મુશ્કરાહટોં...' (૫) જવાહરભાઇના પરીવાર સાથે સંચાલક.

તસવીરકાર : નરેન્દ્ર મસરાણી.

જવાહરની અનોખી સ્મૃતી સભા શુદ્ધ રેશનાલીસ્ટ સ્મૃતી સભા

અહેવાલ : દામજી સાવલા

'વીવેકપંથી'એ શુદ્ધ રેશનાલીસ્ટ સ્મૃતીસભા યોજીને એક નવો રાહ કંડાર્યો છે. આ નવનીત તારવી બતાવનાર અભીનવ પ્રયોગના દ્રષ્ટા અને સુત્રસંચાલક ગુલાબ ભેડા કહે છે, ''સફળતાનો યશ ઇન્દુબેન અને જવાહર મહેતાના હાડોહાડ નાસ્તીક પરીવારનો છે. એ પરીવાર જો પુરો તૈયાર ના હોત તો આ નવતર પ્રયોગ શક્ય નહોતો.''

વાત સાવ સાચી છે. તા. ૧લી ફેબ્રુઆરીની જવાહર મહેતાની વીલેપાર્લેની રાશ્ટ્રીય શાળામાં મળેલી સ્મૃતીસભા માંહેની ૧૦૦ની હાજરીમાંથી ૨૫ જવાહરભાઇનાં સગાં-સ્નેહીઓ હતાં, જેઓ જાણે કોઇ મહોત્સવમાં સહભાગી થવા આવ્યાં હોય એ રીતે સજીધજીને આવ્યાં હતાં. તો બાકીનાં પંચોતેરનું વસ્ત્રપરીધાન પણ વીવીધરંગી જ હતું. પ્રાર્થનાસભાઓમાં દેખાતી સફેદ સાડીઓ કે સફેદ લેંઘા, ઝભ્ભા-ટોપીની અહીં પુર્ણ ગેરહાજરી હતી.

મૃત્ય અનીવાર્ય છે અને જન્મથી શરુ થતું જીવન મૃત્યુ સાથે પુરું થાય છે. એની આગળ કે પાછળ કંઇ જ નથી એ વાસ્તવીક જ્ઞાન જવાહર પરીવારે ખુબ સારી રીતે પચાવ્યું છે.

ઇન્દુબેન પોતાનાં સગાંઓને પણ સ્વસ્થ રાખી શક્યાં છે. ગુલાબભાઇએ જ્યારે એમને કહ્યું હતું કે જવાહરભાઈના મૃત્યુની આપણે મહેફીલ સજાવવી છે ત્યારે એમનો સાહજીક પ્રતીભાવ હતો, ''તમે તો એમને બરાબર ઓળખતા'તા.''

હા, જવાહરભાઇ સંગીતરસીયા હતા. જુનાં ફીલ્મીગીતોના જબરા ચાહક હતા અને રમુજ સુપેરે માણી શકતા હતા-ખડખડાટ હસી પણ શકતા હતા. ગુલાબભાઇ કહે છે, ''જે મીત્ર રંગીલું અને નીર્ભાર જીવન જીવી ગયો તેના મૃત્યુનો ભાર હોય જ નહીં. એની તો રંગત જ હોય.''

એમને ત્યાં અને એમની સાથે અનેક મહેફીલો સજાવી ચુકેલા જવાહર મહેતાના મીત્રો, 'સુભાશ મહેતા અને પાર્ટી'ના નવીન માંડવીયા, કીશોર મોદી, પ્રદીપ પઢીયાર, અરુણ-મૃદુલા ચીતલીયા (દ્વયગાન), પ્રવીણ સંઘવી, કુસુમ વેદ સાથે જાન્વીકા ખીચડીયાએ જવાહરની પસંદનાં ફીલ્મી ગીતો રેલાવ્યાં, જેમની સંગત હારમોનીયમ પર ભુપેન્દ્ર શાહ, તબલા પર રશ્મીકાન્ત પંડ્યા અને સાઇડ રીધમમાં જયેશ શાહે ઉત્તમ સાઉન્ડ સીસ્ટમમાં કરી, જેમણે શ્રોતાઓને મુગ્ધ કરી દીધા હતા. તો રેશનાલીસ્ટ ગીત 'કીસી કી મુશ્કરાહટોં પે હો નીસાર....' ગાતાં પહેલાં ભાણેજ ડૉ. તુશાર મુનીએ પોતાની ઉન્નતીના દ્યોતક જવાહરમામાને ગણાવ્યા ત્યારે સભા ભાવવીભોર થઇ ગઇ હતી અને પરાકાશ્ટા તો સર્જી'તી આપણા ગુલાબભાઇએઃ રમુજોની રમઝટ અને શેરો-શાયરી સભર એમના સુત્રસંચાલનમાં. એમણે ખુબીપુર્વક જવાહર મહેતાને જીવતા તો કરી જ દીધા, પણ એમનો રેશનાલીસ્ટ જીવનસંદેશ પણ બખુબી રેલાવી દીધો.

મહેફીલના અંતગાન લેખે જ્યારે એમણે 'દીલ સે તુજ કો બેદીલી હૈ, મુજ કો હૈ દીલ કા ગુરુર...' લલકાર્યું ત્યારે તો સભાગાર તાળીઓના ગડગડાટથી ગુંજી ઉઠ્યો હતો. સ્થળ પર અને પછી પણ એમને ખુબ અભીનંદનો મળ્યા હતા. અભીનંદનવર્શા કરનાર દરેકને ગુલાબભાઇ એક જ પ્રતીભાવ આપતા રહ્યા હતા, ''જો પ્રસંગ આવ્યે તમને પણ આવો નવતર પ્રયોગ કરવાનું મન થાય તો અમને બોલાવજો. સાર્થક જીવન જીવી જનારના મૃત્યુનો શોક હોય જ નહીં.''

વચ્ચે ખુબ જ મર્યાદીત સમયમાં લલીત નગરશેઠે તેમની સાહજીક વાણીમાં, રીયાઝ જે. પી.એ શાયરાના અંદાજમાં અને હર્શા બાડકરે ભાવવીભોર થઇને જવાહર મહેતાની શાબ્દીક સ્મૃતી વાગોળી હતી.

અંતે જવાહર પરીવારની સમુહ તસવીર લેવાની

તૈયારી વખતે ગુલાબભાઇના ગળે ડુમો ભરાઇ આવ્યો હતો, જેણે સભાજનોની આંખો પણ ભીની કરી હતી.

વીસર્જન પહેલાં જમનભાઇ અડીયલની વ્યવસ્થામાં મીશ્ટ ભોજનની મીજબાની પણ સૌએ માણી હતી, તો રાશ્ટ્રીય શાળાની વ્યવસ્થા ગોઠવી આપનાર મીત્ર કીશોર મહેતાનો સહકાર પણ કેમ ભુલાય !

જવાહરભાઇના સુપુત્રોએ આ પ્રસંગે 'વીવેકપંથી'ને રુ. ૧૦,૦૦૦ અને ડૉ. તુશાર મુની પરીવારે રુ. ૫૦૦૦ના કવરો ભેટ ધરતાં રેશનાલીઝમ અને 'વીવેકપંથી'નો વીકાસ ઝંખ્યો હતો. અંતે પ્રેમલે મહેતા પરીવાર વતી આભાર માન્યો હતો.

આજ આવતી કાલ

રાજકોટની યુવાકથાના અંતે મોરારીબાપુ સાથે વીદ્યાર્થીઓએ સાધેલા સંવાદ માંહેનો એક ધ્યાનાકર્શક પ્રશ્ન

વીદ્યાર્થીનો પ્રશ્ન : આપણા નેતાઓ તો ઠીક, ધર્માચાર્યો અને ગુરુઓ પણ કમાન્ડો કેમ રાખતા હશે ?

મોરારીબાપુનો જવાબ: હું કમાન્ડો રાખતો નથી. પોતે જ મારો કમાન્ડો છું. હું ધર્માચાર્ય પણ નથી. ઉધાર રક્ષણમાં જીવનારે સમાધી લઇ લેવી જોઇએ. સાધુનું આભુશણ શસ્ત્રો નથી, શાસ્ત્રો છે. **હું તો રામના હાથમાંથી પણ ધનુશ લઇ ફુલ આપવા માગું છું.**

[તા. ૨-૨-૦૯ના 'દીવ્ય ભાસ્કર'માંથી]

આ વીશયમાં ચાલો, આપણે અઢી વર્શ પાછળ જઇએ.

તા. ૨૬-૨૭-૨૮ ઑગસ્ટ, ૨૦૦૬ના ત્રણ દીવસ માટે મહુવામાં યોજાયેલા ૭મા સંસ્કૃત સત્રમાં જુદાજુદા પ્રદેશોની ૧૨ રામાયણોની ચર્ચા થઇ હતી.

છેલ્લા દીવસના સમાપન પ્રવચનમાં ખરેખરા ખીલેલા મોરારીબાપુના શબ્દો આ હતા : **રામની મુર્તી ધનુશ-બાણ વગરની હોય તેવી મારી ઇચ્છા છે. એજ રીતે હનુમાનની ગદા પણ હું છોડાવીશ અને એક દીવસ હું રામને મંદીરમાંથી વીદાય આપીશ. આ હું ગુજરાતમાં જ કરીશ અને આ જન્મમાં જ કરીશ. આપણે આપણા ભગવાનને શસ્ત્રમુક્ત તો કરીએ... કોઇ કહેશે કે ધનુશવીહોણા રામ તો પોતાની ઓળખાણ જ ગુમાવી દેશે. મને એનો વાંધો નથી. અન્યો કરે કે ના કરે, માને કે ના માને; પણ મારા તલગાજરડાના રામ તો એવા જ હશે. : હું મુર્તીઓ પણ કોઇને દાનમાં આપી દેવા વીચારું છું.**

ઑક્ટોબર-નવેમ્બર ૨૦૦૬ (અંક ૫૪-૫૫)ના 'વીવેકપંથી'માં આપણે એ પ્રસંગના સવીસ્તર સમાચાર વાંચ્યા હતા અને તે અંકના અગ્રલેખમાં બાપુના ક્રાંતીકારી વીચારોને આપણે વધાવ્યા પણ હતા. જી હા, અઢી વર્શ થયા એ વાતને !

રામના હાથમાંથી ધનુશ છોડાવવાની અને એક દીવસ રામને મંદીર છોડાવવાની વાતે ત્યારે મને પ્રભાવીત

કર્યો હતો. મંદીરસંસ્કૃતીની આડે એક સમર્થ હાથ દેવાતો ત્યારે મને દેખાયો હતો. મારા મતે એ કોઇ નાની-સુની ક્રાંતી નહોતી.

અને મારા મનમાં એક સંકલ્પનાએ ત્યારે આકાર લીધો હતો. કૉમ્પ્યુટર ઑપરેટર ધીરેન ગાલા પાસે મેં રામની મુર્તી શોધાવડાવી હતી, જેના હાથમાં ધનુશ-બાણ હતાં. કૉમ્પ્યુટર કળાથી જ અમે ધનુશ હટાવી દીધું, તો રામનો ઉંચકાયેલો ડાબો હાથ અળવો લાગ્યો. ધીરેનની મદદથી મેં એમાં ફુલની કળી થમાવી દીધી હતી. અને પછી બન્ને સ્વરુપોનું અલાયદું મહત્ત્વ દર્શાવવા ધનુર્ધારી રામને 'મોરારીબાપુની **આજ**' તરીકે **નાના** અને ધનુશવીહોણા રામને 'તેમની **આવતી કાલ**' તરીકે **મોટા** બતાવ્યા હતા. બન્ને ચીત્રો સામેના પાને જોઇ શકાય છે, જેનો અભ્યાસ કરતાં આ સમગ્ર પ્રક્રીયા અને તેની પાછળની અપેક્ષા સમજી શકાશે.

હવે જ્યારે બાપુ પણ રામના હાથમાં ધનુશના સ્થાને ફુલ પકડાવવા ધારે છે ત્યારે આનંદ થવો સ્વાભાવીક છે. વળી, પુશ્પધારી રામ પણ જે દીવસે મંદીરની કેદમાંથી મુક્ત થશે તે દીવસની કલ્પના તો કરી જુઓ !

ગાંધી આજે હોત તો રેશનાલીઝમના પુરસ્કર્તા હોત ? (૭)

- પ્રા. હર્શા બાડકર

આ લેખમાળાના ગયા દ્ક્કા હપ્તામાં આદરણીય બી. એ. પરીખસાહેબના પ્રસ્તુત વીશયના વીચારો વાંચ્યા અને પ્રમાણ્યું કે ડૉ. પરીખસાહેબ રેશનાલીઝમના સંદર્ભે જ ગાંધીને સુચારુ રુપે મુલવી ચુક્યા છે. મેં એ બાબત આનંદ પણ વ્યક્ત કર્યો હતો કે પ્રસ્તુત વીશયની ચર્ચામાં હું પહેલી નથી, વરીશ્ઠો અગાઉ પણ ચર્ચા કરી ચુક્યા છે.

પપ્પા-મમ્મી સાથે હું તા. ૫-૬-૭ જાન્યુઆરીની વીશ્વ નાસ્તીક પરીશદમાં વીજયવાડા ગઇ હતી. ત્યાં ગોરાના સુપુત્ર-વીજયમ્‌ના નાના ભાઇ લવણમ્ સાથે પ્રસ્તુત વીશયની ચર્ચા કરી હતી તો તેઓ પણ કેટલેક અંશે મારા વીચારો સાથે સહમત જણાયા હતા. એમણે મને પોતાની ફાઇલમાંથી નવી દીલ્હીથી ૧૯૯૯ના જાન્યુઆરીમાં પ્રગટ થયેલો ATHIST WORLD નો અંક પણ આપ્યો હતો, જેમાં પુરા પાંચ પાનાંઓમાં પથરાયેલો તેમનો લેખ પ્રગટ થયો છે. લેખનું મથાળું છે, GANDHI AND ATHEISM - **ગાંધી અને નાસ્તીકતા.** ગાંધીયન ઇન્સ્ટીટ્યુટ ઑફ સ્ટડીઝ-વારાણસીમાં તા. ૧૬-૨-૧૯૯૬ના રોજ **'ગાંધી અને ૨૧મી સદી'** એ વીશય પર લવણમે આપેલા પ્રવચન પર એ લેખ આધારીત છે. હું એકી બેઠકે આખો લેખ વાંચી ગઇ. અહીં હું એ લેખમાં પ્રગટ થયેલા વીચારો પ્રસ્તુત કરવા માગું છુ. આખા લેખને એક જ હપ્તામાં સમાવવો શક્ય ન હોવાથી આપણે બે કે ત્રણ હપ્તા એના માટે લેવા પડશે. પણ અંતે આપણે લાવણમ્ મારફત ગાંધીનો નાસ્તીકતા સાથેનો સંબંધ જ તપાસવો છે.

તો હવે વાંચો લવણમ્‌ના અંગ્રેજી લેખનો અનુવાદ.

ઘણા લોકોને ગાંધી વીરોધાભાસી અને વીસંગતીઓનું પડીકું ભાસ્યા છે, પણ ગાંધી પોતે જ કહે છે કે તેઓ સદા વીકાસશીલ રહ્યા છે. વીકાસનો અર્થ જ એ કે વધુ ઉપયોગી તેવા કંઇ નવીનનો ઉદ્‌ગમ થતો જાય તેમ જુનું છોડતા જવું. ગાંધીના પોતાના જ આ શબ્દો જુઓ, ''કંઇપણ લખતી વખતે હું એ વીચાર નથી કરતો કે એ બાબતમાં મેં પહેલાં શું લખ્યું હતું. પણ આજે અને આ ઘડીએ તેમાં તથ્ય અને સત્ય શું અને કેટલું છે તેનો જ વીચાર કરું છું. પરીણામ એ આવ્યું છે કે હું એક સત્ય પરથી બીજા

સત્ય તરફ આગળ વધતો રહ્યો છું. બન્ને વચ્ચેના ભેદની ખણખોદ મેં ક્યારેય કરી નથી. પણ જે મીત્રોને મારા નવા કથનમાં વીસંગતી લાગે તે અલબત્ત જુનું સ્વીકારી શકે છે.'' (હરીજન તા. ૨૪-૯-૩૮).

''લોકો એમ પણ કહે છે કે હું મારા અભીપ્રાયો ફેરવતો રહું છું. આજે જે કહું છું તે વર્શો પહેલાં કહ્યું હતું તેના કરતાં જુદું જ છે. હકીકત એ છે કે પરીસ્થીતી બદલાઇ છે, હું તો એનો એ જ છું. મારા શબ્દો અને કાર્યો વર્તમાન પરીસ્થીતીથી જ પ્રેરાયેલાં હોય છે. મારા વાણી-વર્તનમાં જો નાનો પણ ફરક દેખાતો હોય તો તે એક સત્યાગ્રહી તરીકેનું જ પરીવર્તન છે.'' (હરીજન તા. ૨૮-૧-૩૯).

મારાં સત્ય અને અહીંસા હંમેશાં વીકસતાં રહ્યાં છે અને હું જીવનભર તેને અનુસરતો રહ્યો છું. હું પોતે પણ હરપળે વીકસતો રહ્યો છું. હું એમાં નવા નવા અર્થો જોતો રહ્યો છું. હું એને એક નવા ઉજાશમાં જોઉં છું અને એનો નવો અર્થ તારવું છું.'' (હરીજન તા. ૨-૩-૪૦)

આના પરથી સ્પશ્ટ જણાઇ આવે છે કે ગાંધી પ્રબળપણે સત્ય જાણવા, સમજવા અને અમલમાં મુકવાના આગ્રહી રહ્યા છે અને એમાંથી જ નવા જ્ઞાન અને અનુભવ પ્રાપ્ત કરતા રહ્યા છે અને તેવા દરેક જ્ઞાન અને અનુભવના ઉજાશમાં તેઓ સત્યને પહેલાં કરતાં જુદા સ્વરુપે જાણતા રહ્યા છે. દરેક વખતે એમણે સત્યની નવી સમજણ પ્રાપ્ત કરી છે. આ રીતે ગાંધીનું સત્ય અને ગાંધી પોતે પણ એક પરથી બીજા અને બીજા પરથી ત્રીજા અનુભવ અને એક પરથી બીજી અને બીજી પરથી ત્રીજી સમજણ દ્વારા વીકાસ પામતા ગયા છે અને એમ જ ગાંધીની નાસ્તીકતાની દશ્ટી પણ મુળભુત પરીવર્તન પર જ અવલંબીત રહી છે.

પોતાના વીદ્યાર્થીકાળ અને યુવાનીમાં ગાંધી છેલ્લા સૈકાના જબરા બ્રીટીશ નાસ્તીક ચાર્લ્સ બ્રેડલૉના મોટા ચાહક હતા. બ્રેડલૉ માત્ર નાસ્તીક જ નહોતા, પણ ગણમાન્ય સમાજસુધારક અને વ્યક્તીસ્વાતંત્ર્ય માટેના બહાદુર લડવૈયા હતા. હીન્દુસ્તાનને પોતાનું બંધારણ હોવું જોઇએ તેવું પહેલવહેલું સુચન એમણે કરેલું હતું. ચાર્લ્સ બ્રેડલૉના નીકટના સાથી ઍની બેસન્ટ તેમના મૃત્યુ પછી હીન્દુસ્તાન આવ્યાં, અહીં સ્થાયી થયાં અને દેશની આઝાદી માટે કાર્યરત રહ્યાં. તેઓ ઇન્ડીયન નેશનલ કૉંગ્રેસના પ્રમુખ પણ થયાં. બ્રેડલૉના ઉચ્ચ ચારીત્ર્ય અને સત્યનીશ્ઠાથી ગાંધી ખુબ આકર્શાયેલા હતા. આથી પ્રારંભથી જ **તેઓ નાસ્તીક અને નાસ્તીકતાને સમજવામાં પ્રયત્નશીલ રહ્યા હતા.**

પહેલાં ગાંધી કહેતા હતા, ''ઇશ્વર સત્ય છે.'' પોતાની સત્યની ખોજમાં ગાંધી એક તરફ તો અહર્નીશ નાસ્તીકતાને સમજવાનો પ્રયત્ન કરતા રહ્યા અને બીજી તરફ એમને ઇશ્વર અને ધર્મમાં તાજગી દેખાતી હતી. આથી તેમને 'ઇશ્વર સત્ય છે'ના નીવેદનથી સંતોશ નહોતો. ૧૯૨૦માં એમણે કહ્યું, ''હું એવા કોઇ પણ ધર્મને નકારું છું જે તર્ક સાથે સુસંગત ના હોય અને નૈતીકતાથી વીરુદ્ધ હોય. જે અનૈતીક નથી તેવી કોઇ પણ ગેરવાજબી ધાર્મીક માન્યતાને પણ હું સ્વીકારું.'' (યંગ ઇન્ડીયા તા. ૨૧-૭-૨૦).

૧૯૨૧માં એમણે કહ્યું, ''ધર્મગ્રંથો તર્ક અને સત્યથી ઉપરવટ હોઇ શકે નહીં. એની પાસે તો તાર્કીક સત્યપ્રકાશની જ અપેક્ષા હોય.'' (યંગ ઇન્ડીયા તા. ૧૯-૧-૨૧).

૧૯૨૭માં એમણે લખ્યું, ''કોઇપણ પ્રાચીનતા માત્ર પ્રાચીન હોવાના કારણે જ સારી છે એવું હું સ્વીકારું નહીં, કોઇ પણ પ્રાચીનતા માત્ર પ્રાચીન હોવાના

મારો જન્મ વૈશણવ સંપ્રદાયમાં, એટલે હવેલીએ જવાનું વખતોવખત બને, પણ હવેલીનો વૈભવ મને ન ગમ્યો. હવેલીમાં ચાલતી અનીતીની વાતો સાંભળતો તેથી તેને વીશે મન ઉદાસ થઇ ગયું. ત્યાંથી મને કંઇ જ ન મળ્યું.

*****

પીતાજીના પુસ્તકસંગ્રહમાંથી 'મનુસ્મૃતી'નું ભાશાંતર હાથ આવ્યું. તેમાં જગતની ઉત્પત્તી વગેરેની વાતો વાંચી. તેના પર શ્રદ્ધા ન બેઠી. ઉલટી કંઇક નાસ્તીકતા આવી. – ગાંધી

('નયામાર્ગ'માં મહેન્દ્ર મેઘાણીએ શરુ કરેલ 'ગાંધીજીની જીવનયાત્રા'ના પહેલા હપ્તામાંથી સાભાર)

કારણે જ સારી છે એવું પણ હું સ્વીકારું નહીં, કોઇ પણ પ્રાચીનતા-ભલે ગમે તેટલી પ્રાચીન હોય તે નૈતીકતા સાથે અસંગત હોય તો એ ધરતી પરથી ઉખેડી ફેંકવાને પાત્ર જ છે. અસ્પૃશ્યતા ભલે પ્રાચીન મનાતી હોય, બાળવીધવા અને બાળવીવાહ ભલે પ્રાચીન પરંપરા હોય અને ઘણા બધા ભયાનક અને અંધશ્રદ્ધાયુક્ત રીવાજો ગમે તેટલા પ્રાચીન હોય તો પણ હું સત્તામાં હોઉં તો ચોક્કસ તેના પર ઝાડુ ફેરવીને તેને નાબુદ કરી દઉં.

આમ જ્યારે પણ હું પ્રાચીનતાની વાત કરું છું ત્યારે મારો કહેવાનો ભાવાર્થ સૌએ સમજી લેવો જોઇએ.'' (યંગ ઇન્ડીયા તા. ૨૨-૯-૨૭).

ગાંધીના આવા તાર્કીક અભીગમના કારણે તેમને 'ઇશ્વર સત્ય છે'ના સુત્રથી સંતોશ નહોતો. આથી જ એમણે એ સુત્ર બદલીને 'સત્ય ઇશ્વર છે' એમ કહ્યું છે. એમણે કહ્યું, ''હું એવા નીશ્કર્શે પહોંચ્યો છું કે મારા માટે તો ઇશ્વર જ સત્ય છે, પણ બે વર્શ પહેલાં મેં એક પગલું આગળ વધીને કહ્યું, 'સત્ય એ જ ઇશ્વર છે.' મારાં બે નીવેદનો 'ઇશ્વર સત્ય છે' અને 'સત્ય ઇશ્વર છે' વચ્ચેનો સુક્ષ્મ ભેદ તમે સમજી શકશો અને હું મારી પચાસ વર્શ પહેલાં શરુ થયેલી સત્યની શોધના પરીણામે જ આ નીશ્કર્શ પર પહોંચ્યો છું.'' (યંગ ઇન્ડીયા તા. ૩૧-૧૨-૩૧).

જોકે ગાંધી પોતા પુરતા તો બન્ને નીવેદનો વચ્ચે ફરક ગણતા નહોતા અને અંગત રીતે એ ઇશ્વરને જ સત્ય માનતા હતા, છતાં નાસ્તીકો સાથે સુસંગત થવા માટે સામાજીક ઢાંચામાં એ ઇશ્વર કરતાં સત્યના વધુ આગ્રહી હતા અને તેનું સ્થાન ઇશ્વરને આપવા તૈયાર હતા. આમ કરીને તેઓ નાસ્તીકોનાં હથીયાર હેઠાં મુકાવી રહ્યા છે એમ એમને લાગતું હતું. આ બાબતમાં એમણે લખ્યું ''...પછી મેં જાણ્યું કે સત્ય સાથેનો નીકટનો સંબંધ પ્રેમ થકી બંધાય છે, પણ સાથે સાથે મેં એ પણ જાણ્યું કે અંગ્રેજી ભાશામાં પ્રેમના અનેક અર્થો છે.... પણ મેં સત્ય સંબંધે ક્યારેય બેવડો અર્થ જાણ્યો નથી અને નાસ્તીકોએ પણ સત્યની તાકાત સામે કોઇ વાંધો લીધો નથી. પણ નાસ્તીકો સત્યની ખોજમાં પોતાના ચોક્કસ દૃશ્ટીબીંદુથી ઇશ્વરનું અસ્તીત્વ નકારતાં સહેજ પણ અચકાયા નથી અને તર્કથી જ મેં 'ઇશ્વર સત્ય છે'ને બદલે 'સત્ય ઇશ્વર છે' એમ કહ્યું હોવું જોઇએ.'' **(ક્રમશઃ)**

મંતવ્ય

**(લક્ષ્મીદાસ ખટાઉએ ગુજરાત સમાચાર માંહેના એક સચીત્ર લેખનો વીરોધ ગુ.સ.ને લખી મોકલ્યો હતો, જે તંત્રીએ સ્વીકાર્યો નહોતો. તા. ૧૪-૯-૨૦૦૮ની ગુ.સ.ની આવૃત્તીમાં લેખક સુપાર્શ્વ મહેતાએ લખેલા એ લેખના કેટલાક અંશો આપણે અહીં વૈચારીક વ્યાયામ લેખે તપાસીએ. જોકે, લેખ તો લાંબો હતો, જેનું શીર્શક હતું, *'બાળદીક્ષાની સરખામણી સતીપ્રથા સાથે કરી શકાય નહીં'* અને પેટા શીર્શક હતું *'સતીપ્રથામાં તો વીધવા સ્ત્રીને જીવતી સળગાવી દેવામાં આવે છે, જ્યારે જૈન દીક્ષા એ આત્મકલ્યાણનો અને વીશ્વકલ્યાણનો માર્ગ છે'*

તાર્કીક ચર્ચા તો તટસ્થ જ હોવી જોઇએ તેવા ખ્યાલથી જોઇએ ઉક્ત લેખના અંશો. -તંત્રી)**

મુંબઇ હાઇકોર્ટના વીદ્વાન જજસાહેબોએ જૈન ધર્મની બાળદીક્ષાની સરખામણી સતીપ્રથા સાથે કરી તેને કારણે ભારતના લાખો જૈનોની ધાર્મીક લાગણી દુભાઇ છે. સતીપ્રથામાં વીધવા સ્ત્રીને તેની મરજીથી વીરુદ્ધ જીવતી સળગાવી દેવામાં આવે છે, જ્યારે જૈન દીક્ષા સમજણપુર્વક ગ્રહણ કરવામાં આવે છે.

મલાડમાં આઠ વર્શની ઉંમરે દીક્ષા ગ્રહણ કરનારાં સાધ્વીજી મહારાજની ઉંમર અત્યારે ૧૨ વર્શની છે અને તેમણે ક્યારેય એવી ફરીયાદ નથી કરી કે તેમને પરાણે ઉપાશ્રયમાં ગોંધી રાખવામાં આવ્યાં છે.

જેમને બાળદીક્ષામાં કંઇ પણ અઘટીત કે વાંધાજનક લાગતું હોય તેમણે સર્વપ્રથમ જૈન દીક્ષાનું સાચું સ્વરુપ સમજવું જોઇએ.

દુનીયાના બધા શીક્ષણશાત્રીઓ જ્યારે કહેતા હોય કે અઢી વર્શના બાળકને સ્કુલે મોકલાય નહીં, તેમ છતાં માબાપો કોઇ અજીબ ઘેલછાને કારણે રોતા-

કકળતા બાળકને સ્કુલે ધકેલી દે છે તેનો તમે વીરોધ કેમ નથી કરતા ?

બાળદીક્ષાના વીરોધીઓના મનમાં હજી એક સવાલ તો ઘુંટાયા જ કરતો હશે કે બાળકને દીક્ષાનું સાચું સ્વરુપ સમજાવ્યા વીના ભોળવીને જ દીક્ષા આપવામાં આવે છે, માટે તે ખોટું છે. અહીં અમે એટલું જ કહેવા માંગીએ છીએ કે બાળકને દીક્ષાજીવનની રજેરજની વીગતો ભલે ખબર ન હોય, પણ તેનાં માતાપીતાને તો આ વાતની જરૂર ખબર હોય છે અને ખાતરી પણ હોય છે કે દીક્ષાનું જીવન તેમનાં સંતાનના શ્રેશ્ઠ હીતમાં છે.

આઠ વર્શના બાળકને દીક્ષાજીવનની શું ખબર હોય ? તેનો જવાબ એ છે કે જૈન ધર્મ અને તમામ આર્ય ધર્મો માત્ર આ ભવમાં જ નથી માનતા પણ પુર્વજન્મ અને પુનર્જન્મમાં પણ માને છે. જે બાળકને આઠ વર્શની ઉંમરે દીક્ષા લેવાની ઇચ્છા પણ બાહ્ય રીતે પેદા થાય એ સુચવે છે કે આ બાળક પુર્વજન્મનો કોઇ મહાન યોગી આત્મા છે.

બાળદીક્ષાના વીરોધીઓ કહે છે કે કુમળા બાળકને દીક્ષા ન આપવી જોઇએ. અમે કહીએ છીએ કે કુમળું મન ઝડપથી સારી કે ખરાબ વસ્તુઓ તરફ દોરવાઇ જતું હોય છે.

જે બાળકોએ કુમળી વયે દીક્ષા અંગીકાર કરી હોય તેઓ શ્રેશ્ઠ સંતો પુરવાર થયા છે.

ગુજરાતી વ્યાકરણની રચના કરનારા કલીકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય માત્ર સાત જ વર્શની ઉંમરે દીક્ષા અંગીકાર કરી જૈન મુની બન્યા હતા.

આખા ભારતમાં ડંકો વગાડનારા શંકરાચાર્યએ માત્ર આઠ જ વર્શની ઉંમરે ઘરનો ત્યાગ કરી સંન્યાસ લીધો હતો. સ્વામીનારાયણ સંપ્રદાયની સ્થાપના કરનાર સહજાનંદ સ્વામીએ છ વર્શની ઉંમરે ગૃહત્યાગ કરીને સંન્યાસ લીધો હતો. અમર જૈન સાહીત્યની રચના કરનારા ઉપાધ્યાય યશોવીજયજી મહારાજ પણ બાળદીક્ષીત હતા. વર્તમાનકાળના જૈનાચાર્યોની વાત કરીએ તો ૪૫ આગમોના અભ્યાસમાં ભારે કુશળતા પ્રાપ્ત કરનાર પંન્યાસ અભયસાગરજી મહારાજે માત્ર સાત જ વર્શની ઉંમરે દીક્ષા લીધી હતી.

આ દેશના કાયદાઓ અને કોર્ટો પણ ક્યારેય બાળદીક્ષાનો વીરોધ કરતા નથી. કારણ કે આ ધાર્મીક સ્વાતંત્રયનો મુદ્દો છે. આજે દેશમાં કોઇ પણ કાયદો બાળદીક્ષાની વીરુદ્ધમાં નથી. બાળદીક્ષાની વીરુદ્ધમાં કાયદો કરવાની ગુસ્તાખી મહારાશ્ટ્રની સરકાર કરશે તો તેણે જૈન ધર્મ પાળતી શ્રદ્ધાળુ પ્રજાના પ્રચંડ રોશનો સામનો કરવો પડશે.

બાળદીક્ષા સતી પ્રથા જેવું જ અનીશ્ટ છે

મુંબઇ હાઇકોર્ટે બાળદીક્ષાને સતીપ્રથા સાથે સરખાવી અને જૈન સમાજે ઉહાપોહ કરી મુક્યો. અન્ય ધર્મોમાં પણ અનીશ્ટો છે જ, પણ તેથી બાળદીક્ષા અનીશ્ટ નથી એમ કહી શકાય નહીં. ધર્મચુસ્તો આ પ્રથાના સમર્થનમાં ઉટાંગપટાંગ દલીલોની ભરમાર ચલાવે છે અને અખબારી તંત્રીઓ તેમને મનખોલીને જગ્યા આપે છે, સામે આપણે દલીલ કરીએ તે સ્વીકારાતી નથી. દાખલા તરીકે (ઉપર જેના અંશો છાપ્યા છે તે) તા. ૧૪મી સપ્ટેમ્બરના ગુજરાત સમાચારમાં છપાયેલા લેખનો વીરોધ મેં લખી મોકલ્યો, જે તંત્રીએ સ્વીકાર્યો નથી. સારું છે કે આપણી પાસે આપણું પોતાનું સામયીક છે. બાકી અખબારી ઠેકેદારો વીચારસ્વાતંત્ર્યમાં માનતા જ નથી લાગતા.

મારા મતે બાળદીક્ષાનું તર્કબદ્ધ સમર્થન શક્ય જ નથી.

બ્રીટીશ શાસને સતીપ્રથા પર પ્રતીબંધ મુક્યો હતો, પણ ભારતની પ્રજાતંત્રીય સરકાર બાળદીક્ષા સહીતના અનેક ધાર્મીક અનીશ્ટો પર પ્રતીબંધ નહીં મુકી શકે. ત્યાં મતબૅન્કની સુરક્ષા જ મહત્ત્વની છે. કોઇ પણ કોમની લાગણી દુભાવો તો મતોમાં ગાબડું પડે ને ! 'સત્યમેવ જયતે'ના સુત્ર નીચે આપણી સરકારો સત્યનું જ ગળું ટુંપે છે.

સગીર વયે લગ્ન કરી શકાતાં નથી, મતાધીકાર મળતો નથી, ડ્રાઈવીંગ લાઇસન્સ પણ મળતું નથી. સગીર બાળકથી થઇ જતો અપરાધ પણ ક્ષમાપાત્ર ઠરે છે, કારણ કે તેને સારાસારની સમજણ નથી હોતી. તો સગીર વયે દીક્ષા તો આપી જ કેમ શકાય ? હસવા-રમવાની ઉંમરે બાળક પર દેહદમનની આચારસંહીતા ઠોકી બેસાડવી એ નરી ક્રુરતા જ છે.

બુદ્ધ અને મહાવીર પણ પુખ્ત વયે સંન્યાસી થયા હતા.

પ્રવર્તમાન સામાજીક અનીશ્ટોથી ઉગારવામાં બાળદીક્ષા કામની ગણાવવામાં આવે એ તર્ક બંધબેસતો નથી. એમાં તો પલાયનવૃત્તી જ છે. ખરેખર બાળકોને અનીશ્ટોનો સામનો કરતાં શીખવાડવું જોઇએ. સંન્યાસ જો આધ્યાત્મીક ઉદ્ધાર અને મનની શાંતી માટે જરુરી હોય તો એ કામના તો બધાને જ હોય છે. બધા જ જો સન્યાસ લઇ લે તો સંસારનું શું થાય ?

શાળાએ જવા ના ઇચ્છતા બાળકને જબરદસ્તીથી શાળાએ કેમ મોકલાય છે ? તેવી દલીલ પણ પાયાવીહોણી છે. બાળકમાં સમજણ આવવી બાકી હોય છે, પણ તેમના વાલીઓમાં તો સમજણ હોય જ છે કે શીક્ષણ વીના ઉદ્ધાર નથી. વાલીઓનો સ્વાનુભવ એમાં પડઘાતો હોય છે, જ્યારે બાળકને દીક્ષા અપાવનાર વાલીઓ પોતે દીક્ષાર્થી હોતા નથી. એ તો સંતો-સાધુઓની વાણીથી સંમોહીત થયેલા હોય છે. જો દીક્ષા કલ્યાણકારી હોય તો એ વાલીઓએ કાં દીક્ષા ના લીધી ?

બાળદીક્ષા પાછળ પુર્વજન્મના સંસ્કાર ગણાવવા જેવી વાહીયાત વાત બીજી કઇ હોય ? પુર્વજન્મ કે પુનર્જન્મને કોઇ વૈજ્ઞાનીક આધાર નથી. ધર્માર્થીઓએ ફેલાવેલો એ માત્ર ભ્રમ જ છે. ખરેખર આ જન્મે જ બાળક દીક્ષાના માર્ગે વીચારતો ના થાય તેની સાવધાની રુપે વાલીઓએ તેમનાં બાળકોને મુની-મહંતોનાં પ્રવચનોથી દુર રાખવાં જોઇએ.

દીક્ષા કલ્યાણકારી હોવાથી એમાં વીલંબ શા માટે કરવો તેવા પ્રશ્નનો ઉત્તર પણ સ્પશ્ટ છે. ઇન્દ્રીયોના આવેગો કુદરતી હોય છે તેનું દમન વીકૃતી જ સર્જે છે. દાખલા તરીકે જૈન દીક્ષાર્થીઓ તથા સ્વામીનારાયણના સાધુઓ માટે પણ બ્રહ્મચર્ય ફરજીયાત હોય છે, પણ કુદરતી આવેગો તો એનું કામ કરતા જ રહે છે. પરીણામ ? હસ્તમૈથુન, સ્વપ્નદોશ અને અન્ય પ્રકારના સ્ખલનો ! બ્રહ્મચર્યનો વીચાર જ વીવેકબુદ્ધીથી પર છે એટલું સમજી લેવું ઘટે.

ટુંકમાં બાળદીક્ષાના સમર્થન પાછળ ધાર્મીક ઘેલછાથી વીવેશ કંઇ જ નથી.

- લક્ષ્મીદાસ ખટાઉ
૨૧, સુબોધ ગુરુ, ટાગોર રોડ,
સાન્તાક્રુઝ (પ.) મુંબઇ-૪૦૦૦૫૬

ભાશાકર્મ એ 'વીવેકપંથી'નું કામ નથી

'વીવેકપંથી'ના વીચારોથી આકર્શાઇને મેં લવાજમ ભર્યું, પણ આ તો એક અંતીમેથી છુટીને બીજા અંતીમે અટવાયા જેવું થયું. રેશનાલીઝમ સાથે ઉંઝા જોડણી પણ શા માટે માથે મારવામાં આવે છે ? આ તો જાણે એક શરત થઇ ગઇ કે 'વીવેકપંથી'માં ચર્ચા કરવી હશે તો ઉંઝા જોડણી સ્વીકારવી જ પડશે. 'વીવેકપંથી'નો ઉદ્દેશ વૈચારીક સ્પશ્ટતા અને વીચારશુદ્ધીનો છે. ધર્મ, શ્રદ્ધા, અંધશ્રદ્ધાના વીચારોના ખીલે બંધાઇ ગયેલા માનવીને વૈજ્ઞાનીક સમજણ આપીને મુક્ત કરવાનો ઉદ્દેશ છે. એમાં બીજા ઉદ્દેશો સંમીલીત કરવા જોઇએ નહીં.

ભાશાશુદ્ધી કે અશુદ્ધીનું કામ જે કરતા હોય તેમને કરવા દો. 'વીવેકપંથી'એ તો વૈચારીક શુદ્ધી અને વૈજ્ઞાનીક બુદ્ધી માટે જ પ્રવૃત્ત રહેવું જોઇએ. ભાશાનું કામ કરનારા તો બીજા પણ છે. આપણું કામ કરનારું છે કોઇ બીજું ? આપણે આપણો મુળ ઉદ્દેશ ભુલીને અળખામણા શા માટે થવું ?

આશા છે કે અમને અકારણ-અમારી ઇચ્છા-અનીચ્છા જાણ્યા વગર અશુદ્ધ ભાશાના કડવા કાઢા પરાણે નહીં પીવડાવો. (રોગનીવારણ માટે કડવા કાઢા જરુરી હોય છે તેવી બાલીશ દલીલ તમે નહી કરો તેની ખાતરી છે). લવાજમ તો જો કે મોકલ્યું છે, મોકલું છું અને મોકલતો રહીશ.

વીરોધીપત્ર પણ છપાશે જ તેવા વીશ્વાસ સાથે....

- યોગેશ શાહ
૯૭, રામમંદીર કમ્પાઉન્ડ, ૧૩૯-સી,
ભુલેશ્વર રોડ, મુંબઇ-૨.

નીર્ભીક રજુઆત માટે પત્રલેખકને ધન્યવાદ. તંત્રીની ભુમીકા આવતા અંકે

વીચારલાલીત્ય

પ્રારંભે તમે રુપીયા પાછળ દોડો અને સફળતા મળ્યા પછી રુપીયા તમારી પાછળ દોડે. એક વખત એવો આવે છે કે વર્તુળાકાર દોડતાં દોડતાં કોણ કોની પાછળ દોડે છે એ કહેવું મુશ્કેલ બની જાય છે. **-જયપ્રકાશ ચૌકસે**

વીચીત્રવૃતાંત

સં. : - એડવોકેટ જયદેવ ત્રીવેદી

✲ પેરુના એન્ડેસ પર્વતમાળાના એક પ્રાણી 'વેક્યુના આયમારા'ની રુંવાટીમાંથી સ્કોટલૅન્ડની ટેક્સટાઇલ કંપની હોલૅન્ડ ઍન્ડ શેરીએ બનાવેલું મીટરના રુપીયા સાત લાખના ભાવનું સુટનું કપડું હવે દીલ્હી આવ્યું છે, જેનું માર્કેટીંગ દીગ્જામ કંપનીના ઉપપ્રમુખ સીદ્ધાર્થ બીરલા કરી રહ્યા છે.

✲ પોતાના અને પોતાની છ મહીનાની બાળકીના શરીરમાં ભુતનો પ્રવેશ થયો છે તેવા ભ્રમમાં મુંબઇની ગાયત્રી પાંડે બાળકી સહીત બળી મરી.

✲ ફીલ્મમાં કાર અપાવવાની લાલચ આપી સમલીંગી વ્યવહારની ફરજ પાડી એક પુરુશ કલાકારનું શોશણ કરનાર એસ્ટેટ એજન્ટની ગોરેગામના દીંડોશી ખાતે કલાકારે હત્યા કરી.

✲ પોતાના પુર્વજની ખોપરી સાચવીને તેની પુજા કરનાર આંદામાન નીકોબારના એક ભુવાની તસવીરો જ્યોતી ભટ્ટે લીધી છે.

✲ ૨૦૦૮માં સાંઇભક્તોએ બાબાને ૮૧ કરોડ રોકડા, ૯૨૦ કીલો સોનું અને ૪૪૦ કીલો ચાંદીની ભેટ ચડાવી.

✲ મેલી વીદ્યા અજમાવતી હોવાની શંકાથી નાસીકની ૨૪ વર્શની વહુ યમુના મ્હાલેએ પોતાની સાસુની હત્યા કરી.

✲ પંજાબના દોઆબના એક ગુરુદ્વારામાં ગુરુગ્રંથસાહેબને વીમાનની ભેટ ચડાવીને શ્રદ્ધાળુઓ વીદેશ જવાની મનોકામના પુરી કરે છે.

✲ બીહારના ભોજપુર જીલ્લાના આરા રેલવે સ્ટેશન પર ગુનાઓ ના થાય એ માટે ખાખી વર્દીધારી પોલીસો રોજ રાત્રે ભજનકીર્તન કરે છે અને ગુના નાબુદી યજ્ઞ પણ કરે છે.

✲ રાયગઢ-યુમના ઘરઘોડા પોલીસ હદમાં એક પુત્રે દારુના પૈસા ના આપનાર માતાને સળગતા ચુલામાં નાખીને ભુંજી નાખી.

✲ માયાવતીના જન્મદીવસની ઉજવણીમાં ફાળો ના આપનાર પી.ડબલ્યુ.ડી.ના એક ઇજનેરને તેના વીધાનસભ્યે મરણતોલ માર મારીને મારી નાખ્યો.

✲ બાળ ઠાકરેના ૮૨મા જન્મદીને તેમના બંગલા માતોશ્રી બહાર એક હોર્ડીંગ મુકાયું જેમાં એમને રામ તરીકે ચીતરવામાં આવ્યા.

✲ પાંચ હજાર ડીપૉઝીટ ભરીને ઍરકન્ડીશન્ડ બસમાં શીરડી સાઇબાબાની યાત્રા કરો અને યાત્રા બાદ બે મહીને બેવડી રકમ પાછી લઇ જાવ તેવું પ્રલોભન આપીને દહીસરના એક ટ્રાવેલ એજન્ટે અંધશ્રદ્ધાળુઓનું રુ. ૧.૩૮ કરોડનું કરી નાખ્યું, તો બીજી એક કંપનીએ રુપીયા એક હજાર ડીપૉઝીટ ભરીને શીરડી તથા સીંગણાપુરની યાત્રા મફત કરી બે મહીને બેવડી રકમ પાછી લઇ જવાની લાલચ આપીને રુપીયા પાંચ કરોડનું કરી નાખ્યું. અંધશ્રદ્ધાળુઓને ઠગવા જેવો ઉત્તમ ધંધો બીજો કયો હોય !

✲ અમદાવાદમાં નાના ભાઇની પત્નીનું કાસળ કાઢી નાખવા માટે સગા જેઠે એક તાંત્રીક પાસે મારણવીધી કરાવ્યા બાદ પણ ભાભી પર તંત્રમંત્રના જાદુની અસર ન થતાં ભાભીના ગળે ટુંપો આપીને કાંટો કાઢી નાખ્યો.

✲ ઉત્તરાખંડના કાશીપુરસ્થીત ચેતીમેલા મેદાનમાં વીશ્વ ગાયત્રી પરીવાર દ્વારા શાંતી તથા સુરક્ષા માટે અશ્વમેધ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું.

✲ ઇંગ્લૅન્ડમાં કબ્રસ્તાનમાં જગ્યાની તંગીને કારણે જુની કબરોને ખોદીને તેના અવશેશો વધારે ઉંડાણમાં દાટીને તેના ઉપર નવી કબરો ચણવામાં આવશે.

✲ સોમાલીયા-મોગાદીશુમાં ઉર ટ્રેડીશનલ નર્તકીઓને સોમાલી ઇસ્લામીક ગ્રુપે જાહેરમાં ચાબખા માર્યા. સ્ત્રીઓએ જાહેરમાં નૃત્ય કરવું એ બીનઇસ્લામીક ગણાય છે.

✲ કેરાલામાં ગુરુવયુર દેવાસથોમ મંદીર ખાતે પથ્થરના હાથીઓની ઉરમી મૃત્યુતીથી નીમીત્તે હાથીઓએ હારમાળાઓમાં ઉભા રહી અંજલી આપી હતી. હાથીઓ પથ્થરના હાથીઓને વારાફરતી પુશ્પમાળા અર્પણ કરે છે. જે હાથી પર અવારનવાર ભગવાનની સવારી નીકળે છે તે હાથી ગુરુવાયુર પદ્મનાભન ગજ તરીકે

ઓળખાય છે અને તેનું બધા હાથીઓ સન્માન કરે છે.

✲ રાજસ્થાન-જયપુર નજીક લીંગીપુર ગામે એક મહીલાનો દીકરો એજ વીસ્તારની યુવતીના પ્રેમમાં પડી, લગ્ન કરી છોકરીને લઇ છુમંતર થઇ જતાં લોકોએ એની માતાને સાવ નગ્ન કરી ગામમાં ચોતરફ ફેરવી. વર્શો અગાઉ ફુલનદેવીને પણ તેના ગામના લોકોએ નગ્ન કરી ફેરવી હતી અને ત્યારબાદ એ અપમાનનો બદલો લેવા ડાકુરાણી બની હતી.

✲ ગાંધીનગર વાયા ચીલોડા સર્કલ સાદરા જતાં વચ્ચે 'સાયલા' ગામ આવે છે, પણ આ ગામની નવીનતા એ છે કે જો તમે 'સાયલા' બોલી નાખો તો આખો દીવસ તમારે ભુખ્યા રહેવું પડે, એટલે કે રોટલાનો જોગસંજોગ ક્યાંય થાય નહીં. ભુતકાળમાં આવું બની ગયેલું છે. એની જગ્યાએ ગામના લોકો સાયલાને બદલે 'ભગતનું ગામ' બોલતા થઇ ગયા છે.

✲ ચોરવાડમાં પાંચ દાયકા જુના સગીબાઇ માતાના મંદીરમાં અંધશ્રદ્ધાળુઓએ ૨૦ વર્શમાં ૩૦ હજારથી વધુ ઘેટાં-બકરાંની બલી ભુવા નરસી મારફત ચઢાવી છે.

✲ દ્વારકાધીશના મંદીરમાં અગાઉ રુ. ૧ કરોડની કીંમતની ભગવાન દ્વારકાધીશની સુવર્ણ પ્રતીમા

હસમુખ ગાંધી હયાત હોત તો ?

ઉમંગ પ્રકાશનના સંચાલક મીત્ર ચંદ્રકાન્ત ખત્રીનો ફોન આવ્યો, ''એક સમાચાર તમારા ધ્યાનમાં આવ્યા ?''

''કયા સચાચાર ?'' મેં પુછ્યું.

''ગુજરાતી પત્રકાર સંઘના.''

''હા, બે સમાચાર વાંચેલા. એક તો જૈન પત્રકાર સંઘે વીશ વર્શ બાદ ચુંટણી યોજી અને બીજા ૨૬મી જાન્યુઆરીએ ગુજરાતી પત્રકાર સંઘે પીકનીક માણી.''

''હું એ બીજા સમાચારની જ વાત કરું છું. ગુજરાત સમાચારનો અહેવાલ તમે ધ્યાનથી વાંચ્યો નથી લાગતો.''

''મારે ત્યાં તો માત્ર 'દીવ્ય ભાસ્કર' જ આવે છે.''

''તો કાન સરવા કરીને સાંભળો; અક્ષરસઃ વાંચું છું : સંઘના પ્રમુખ નીલમ પુજારા, સેક્રેટરી મયુર રાચ્છ અને વરીશ્ઠ પત્રકાર શશીકાન્ત વસાણીના નેતૃત્વ હેઠળ ધ્વજવંદન કર્યા પછી **પત્રકાર સંઘના સંગઠનને મજબુત કરવા દત્તાત્રેય અને શંકર ભગવાનના મંદીરમાં યજ્ઞ કરવામાં આવ્યો હતો.**'' છેલ્લા ચૌદ શબ્દો બોલતી વખતે ચંદ્રકાન્તે તેના અવાજનું વૉલ્યુમ વધાર્યું હતું અને પછી કહ્યું હતું, ''પુરાવા રુપે ગુજરાત સમાચારે હવન કરતા પત્રકારોનો ફોટો પણ છાપ્યો છે'' એ પછી એમણે મને પુછ્યું, ''હસમુખ ગાંધી આજે હયાત હોત તો આ સમાચાર વીશે શું કહેત ?''

''હું માનું છું એમણે એમની પેટન્ટનો માત્ર એક જ શબ્દ ઉચ્ચાર્યો હોત. **'શાબ્બાશ.''**

''શ્રદ્ધા-અંધશ્રદ્ધા સાથે અમારે શું ? અમારે તો ઝટ સાજા થઇ જવું છે''

ગુજરાતી મીડ-ડેની ૧૬મી ફેબ્રુ.ની આવૃત્તીના પહેલાં ત્રણ પાનાંમાં નીમેશ શાહના નવકારમંત્રથી સાજા થઇ જતા રોગીઓની સચીત્ર કથા વીસ્તારી છે, જેનું શીર્શક આપ્યું છે **'અંધશ્રદ્ધાનો અતીરેક.'**

રોગીઓના સમુહને સામે ઉભો રાખીને અમદાવાદવાળા નીમેશભૈ માત્ર સાત જ મીનીટ નવકાર મંત્રનો જાપ કરે અને રોગી પોતાના રોગની જગ્યા ઉપર હાથ મુકે એટલે એ રોગમુક્ત થઇ જાય ! ક્યા બાત હૈ !

હસમુખ ગાંધીએ જો આમાં પણ **'શાબ્બાશ'** કહેવું હોય તો કોને કહે ?

રોગીઓ તરફથી જે રોકડો જવાબ મળી શકે તે તો આપણે મથાળે વાંચ્યો. એમણે તો ઝટ સાજા થવું છે.

જો કે મીડ-ડેએ રોગીઓનો પ્રોગ્રેસ રીપોર્ટ પ્રમાણીકપણે માગ્યો છે. પણ મળશે ખરો ? **– ગુલાબ**

અર્પણ થયેલી છે. હાલમાં રામીબેન ગઢવીએ ૨૧ તોલાનો સોનાનો હાર દ્વારકાધીશને અર્પણ કર્યો છે.

✲ અમદાવાદના એટીએમ સેન્ટરમાંથી રુ. ૨૦.૬૭ લાખની ચારી ખુદ બૅન્કના કૅશીયરે કરાવી.

✲ ખંભાળીયાના દાંતાગામ નજીક આશાબા પીર (ગળીયા પીર)ની દરગાહમાં લોકો માનતામાં તગારાં ભરીને પથ્થરો ચઢાવે છે. આનાથી પથરી, કપાસી, ગુમડાંના રોગો દુર થતા હોવાની માન્યતા પ્રવર્તે છે. દરગાહે પથ્થરોનો એટલો જંગી ખડકલો થઇ ગયો છે કે આ માનતાના પાણા દરગાહની પાછળના ખાડામાં નાખવાની સુચના મુંજાવરે લખી છે.

✲ અમેરીકા અને બ્રીટનમાં ભુતને માનનારા લોકો ૫૧ ટકા છે. બન્ને દેશોમાં એકલા ભુતો વીશેનાં જ પુસ્તકોની કેટલીક લાઇબ્રેરીઓ પણ છે. ભુતો વીશેની વાતો બહુ જ ચાલે છે પણ એને નજરે જોનાર કોઇ જ નથી, છતાં ત્યાં ૯ ટકા લોકો એવું માને છે કે એણે ભુતને જોયું છે.

✲ જયપુરમાં રાજસ્થાનની મુખ્યપ્રધાન શ્રીમતી વસુંધરા રાજેએ મતદાનની વહેલી સવારે ૫૫૦ કી.મી. દુર બાંસવાડાના વીખ્યાત ત્રીપુરા સુંદરીના મંદીરે જઇ વીજય માટે ધાર્મીક વીધી કરી હતી.

✲ મધ્યપ્રદેશમાં ટીકમગઢની બેઠક પરથી ઉભા રહેલાં ઉમા ભારતી પણ ઉજ્જૈનના હરીસીદ્ધ મંદીરની બાજુમાં આવેલા વીખ્યાત મનોકામના સીદ્ધ હનુમાન મંદીરમાં પુજનવીધી કરાવી ગયા હતા. આ પુજનવીધી મહાકાલેશ્વરના પુજારી કૃશ્ણ શર્મા (નાનુભાઇ)એ કરાવી હતી.

✲ ઘાટકોપરમાં સંતાનસુખ ઇચ્છતી મહીલા પર બનાવટી બાબા મોહમ્મદ અતાઉલ્લાખાને બળાત્કાર કરી વીધીના નામે રુ. ૩ હજાર પડાવ્યા.

ઘરે મોડી રાત્રે પહોંચેલા રમેશને પત્નીએ પુછ્યું, ''આટલું બધું મોડું કેમ થયું ?''

''ગાડીનું ટાયર પંક્ચર થઇ ગયું હતું.''

''પણ ટાયર પંક્ચર થયું કઇ રીતે ?''

''નીચે કાચની શીશી આવી ગઇ.''

''તે તમને શીશી દેખાઇ નહીં ?''

''દેખાય ક્યાંથી ! એ તો ચગદાયેલા માણસના ખીસ્સામાં હતી.''

❋ ❋

''તું માનીશ નહીં દોસ્ત, પણ મેં મારી અક્કલનો રુપીયા પાંચ લાખનો વીમો ઉતરાવ્યો'તો.''

''પાકેલા વીમાની જે રકમ મળી તેની વ્યવસ્થા તેં કઇ રીતે ગોઠવી ?''

❋ ❋

''તું તો બહુ ગાફેલ ડ્રાઇવર લાગે છે. લાયસન્સ મળ્યે હજી ચાર જ દીવસ થયા છે, ત્યાં તેં પાંચને ઉડાવી દીધા !''

''પાંચ નહીં નામદાર, ત્રણ; બેને તો મેં લાયસન્સ મળતાં પહેલાં ઉડાવેલા.''

❋ ❋

''વળાંક લેતાં પહેલાં તેં પાછળ આવતી ટેક્સીને હાથ કેમ ના બતાવ્યો.''

''કોઇ અર્થ જ નહોતો નામદાર.''

''કેમ ?''

''જેને આટલો મોટો ખટારો ના દેખાયો એને હાથ ક્યાંથી દેખાય ?''

❋ ❋

PRINTED BOOK

TO

From :

વીવેકપંથી

C/o. Gulab Bheda
2-C/1, Asmita Mogra,
Dutta Jagdamba Marg,
Sher-E-Punjab Colony,
Andheri (East), Mumbai-400 093